અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ ત્રીજ | અંક : ૬૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીએ તેમના શ્રમદાનનો વીડિયો પણ શેર કર્યો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ હેઠળ શ્રમદાન કર્યું




### ૭૫ ડે હાર્ડ ચેલેન્જ માટે ભારતભરમાં પોપ્યુલર અંકિત બૈયાનપુરિયા સાથે વડાપ્રધાન મોદીએ લગાવી ઝાડુ, કહ્યું તમે બહુ સારું કામ કરી રહ્યા છો

। નવી દિલ્હી, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ હેઠળ શ્રમદાન કર્યું હતું. મહત્વનું છે કે, પીએમ મોદીએ તેમના શ્રમદાનનો વીડિયો પણ શેર કર્યો હતો. વડાપ્રધાન મોદીના વીડિયોમાં અંકિત બૈયાનપુરિયા પણ જોવા મળ્યો હતો. શ્રમદાનનો વીડિયો શેર કરતા વડાપ્રધાને લખ્યું કે, આજે દેશ સ્વચ્છતા પર ધ્યાન આપી રહ્યો છે. અંકિત બૈયાનપુરિયા અને મેં પણ એવું જ કર્યું! સ્વચ્છતા ઉપરાંત અમે તેમાં ફિટનેસ અને સુખાકારીનો પણ સમાવેશ કર્યો છે. આ બધું સ્વચ્છ અને સ્વસ્થ ભારત માટે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સ્વચ્છતા અભિયાન પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં તે સ્વચ્છતા અભિયાન હેઠળ શ્રમ દાન કરતા જોઈ શકાય છે. વીડિયોમાં હરિયાણાના અંકિત બૈયાનપુરિયા પણ છે જેમણે '૭૫ દિવસની હાર્ડ ચેલેન્જ' પૂર્ણ કરી છે. જે આ દિવસોમાં સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ છે. બંને લોકો સફાઈ અને ઝાડુ કરતા જોઈ શકાય છે. વડાપ્રધાન મોદીએ પોસ્ટ કરેલ શ્રમદાનના વિડીયોની શરૂઆતમાં પીએમ મોદી કહે છે, 'રામ-રામ સારયાને.' પછી તે અંકિતની તબિયત વિશે પૂછે છે અને કહે છે કે આજે અમે તમારી પાસેથી કંઈક શીખીશું. વીડિયોમાં બંને સફાઈ કરતા જોઈ શકાય છે. PM મોદીએ અંકિતને પૂછ્યું, 'તમે ફિટનેસ માટે ખૂબ મહેનત કરો છો. આ સ્વચ્છતા અભિયાન તેમાં કેવી રીતે મદદ કરશે? આના જવાબમાં અંકિત કહે છે, પર્યાવરણને સ્વચ્છ રાખવું એ આપણી ફરજ છે. પર્યાવરણ સ્વચ્છ રહેશે તો જ આપણે સ્વસ્થ રહીશું. પીએમ મોદીએ અંકિતને પૂછ્યું કે, સોનીપતના ગામડાઓમાં સ્વચ્છતાને લઈને લોકોનું વલણ શું છે. તેના પર અંકિત કહે છે કે, હવે લોકો તેના પર ધ્યાન આપવા લાગ્યા છે. વડાધાન મોદી અંકિતને તેની શારીરિક પ્રવૃત્તિ વિશે પણ પ્રશ્નો પૂછે છે. વડાપ્રધાન મોદી પૂછે છે કે, તમે તમારી શારીરિક પ્રવૃત્તિને કેટલો સમય આપો છો. આના જવાબમાં અંકિતે કહ્યું કે તે દિવસમાં ચારથી પાંચ કલાક કસરત કરે છે. તેમણે પીએમને કહ્યું કે તેઓ પણ તેમનાથી પ્રેરિત છે. આ તરફ પીએમ મોદીએ કહ્યું કે તેઓ એક્સાઈઝ કરતા અનુશાસન પર વધુ ધ્યાન આપે છે. પરંતુ આ દિવસોમાં તે બે બાબતોમાં શિસ્ત લાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આમાંનો પહેલો છે ખાવાનો સમય અને બીજો સૂવાનો સમય. આના પર અંકિત કહે છે કે આખા દેશને સૂવા માટે તમારે જાગતા રહેવું પડશે. પીએમ મોદીએ અંકિતને કહ્યું કે તમે બતાવ્યું છે કે સોશિયલ મીડિયાનો સકારાત્મક રીતે ઉપયોગ કરી શકાય છે. વીડિયોમાં બંને સેલ્ફી લેતા જોવા મળે છે. અંકિત બૈયાનપુરિયાને અંકિત સિંહ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનો જન્મ ૩૧ ઓગસ્ટના રોજ હરિયાણાના સોનીપતના બયાનપુરમાં થયો હતો. તેમણે ધોરણ ૧૦ સુધી પ્રાથમિક શિક્ષણ માટે સરકારી હાઈસ્કૂલ, બયાનપુર લહેરારામાં અભ્યાસ કર્યો. આ પછી તેણે તેના ૧૧મા અને ૧૨મા ધોરણ માટે ૨૦૧૩ થી ૨૦૧૫ દરમિયાન સરકારી વરિષ્ઠ માધ્યમિક શાળા, મોડલ ટાઉન, સોનીપતમાં આર્ટસ પ્રવાહમાં અભ્યાસ કર્યો. અંકિત પછી BM ડિગ્રી મેળવવા માટે મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી, રોહતકમાં જોડાયો. બાદમાં તે ફિટનેસ એક્સપર્ટ તરીકે સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. ૨૦૧૩માં યુટ્યુબ ચેનલ બનાવનાર બૈયાનપુરિયાએ વિડીયો પ્લેટફોર્મ યુટ્યુબ પર ફની વીડિયો બનાવીને પોતાના કરિયરની શરૂઆત કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

### સપ્ટેમ્બરમાં સરકારનું GST કલેક્શન રૂ.૧,૬૨,૭૧૨ કરોડ




। નવી દિલ્હી, તા.૧ ।

સપ્ટેમ્બર મહિનો GSTથી કમાણીની દૃષ્ટિએ ઉત્તમ સાબિત થયો છે. GST એટલે કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ હવે દર મહિને કેન્દ્ર સરકારની તિજોરીમાં લાખો કરોડો રૂપિયા નાખે છે. સપ્ટેમ્બરમાં સરકારનું GST કલેક્શન રૂ. ૧,૬૨,૭૧૨ કરોડ હતું. ચાલુ નાણાકીય વર્ષમાં આ ચોથી વખત છે જ્યારે સરકારનું GST કલેક્શન રૂ. ૧.૬૦ લાખ કરોડને વટાવી ગયું છે. અગાઉ ઓગસ્ટ મહિનામાં સરકારને GST માંથી ૧,૫૯,૦૬૯ કરોડ રૂપિયા મળ્યા હતા. આ ૬ મહિનામાં પ્રથમ વખત રૂ. ૧.૬૦ લાખ કરોડથી ઓછું GST કલેક્શન હતું. તે પહેલા સરકાર માર્ચ ૨૦૨૩ પછી દર મહિને ૧.૬૦ લાખ કરોડ રૂપિયાથી વધુ એકત્ર કરતી હતી. જો એક વર્ષ પહેલાની સરખામણી કરવામાં આવે તો ઓગસ્ટમાં GST કલેક્શન પણ સારું હતું, કારણ કે ઓગસ્ટ ૨૦૨૨ની સરખામણીમાં કલેક્શનમાં ૧૧ ટકાનો વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ GST ની દૃષ્ટિએ ઘણું સારું સાબિત થઈ રહ્યું છે. આ નાણાકીય વર્ષની શરૂઆત નવા રેકોર્ડ સાથે થઈ હતી.

## કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૦૯ રૂપિયાનો વધારો થયો

### રાહતની વાત એ છે કે, ૧૪ કિલોવાળા ઘરેલૂ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

। નવી દિલ્હી, તા.૧ ।

ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં આજથી સામાન્ય માણસે એલપીજી સિલિન્ડરના વધારે રૂપિયા ચૂકવવા પડશે. કારણકે, ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ૨૦૯ રૂપિયાનો વધારો કરી દીધો છો. નવા દરો ૧ ઓક્ટોબર, ૨૦૨૩ એટલે કે આજથી લાગૂ થઈ ગયા છે. આ વધારા બાદ રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોનો એલપીજી સિલિન્ડર ૧૭૩૧.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. આ પહેલા દિલ્હીમાં ૧૯ કિલોગ્રામ એલપીજી સિલિન્ડર ૧૫૫૨.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યો હતો. જો કે, રાહતની વાત એ છે કે, ૧૪ કિલોવાળા ઘરેલૂ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં હાલ કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ શહેરોમાં શું છે કોમર્શિયલ LPG સિલિન્ડરનો ભાવ- દિલ્હી ઉપરાંત, અન્ય મહાનગરો, કલકત્તામાં એલપીજી સિલિન્ડરના ભાવમાં ૨૦૩.૫૦ રૂપિયાનો વધારો થયો છે અને કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૬૩૬.૦૦ રૂપિયાની જગ્યાએ હવે ૧૮૩૯.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. મુંબઈમાં તેની કિંમત ૧,૬૮૪ પ્રતિ સિલિન્ડર સુધી પહોંચી ગઈ છે. ચેન્નઈમાં તેની કિંમત ૧,૬૯૫ રૂપિયાથી વધીને ૧૮૯૮ રૂપિયા થઈ ગઈ છે.

ઘરેલૂ એલપીજીની કિંમતમાં કોઈ પ્રકારનો ફેરફાર થયો નથી. તે તેની જૂના ભાવમાં મળી રહ્યો છે. દિલ્હીમાં ૧૪.૨૦ કિલોનો ઘરેલૂ ગેસ સિલિન્ડર ૯૦૩ રૂપિયા, કલકત્તામાં ૯૨૯ રૂપિયા, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૯૧૮.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. સામાન્ય માણસ પર શું અસર થશે?- ઘરેલૂ એલપીજી સિલિન્ડના ભાવમાં વધારે નહીં થવાના કારણે સામાન્ય માણસને રાહત મળી છે. પરંતુ, કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થવાના કારણે થોડી અસર થશ, કારણ કે તેનાથી હોટલ રેસ્ટોરન્ટનું ખાવાનું મોંઘુ થઈ શકે છે.

વાસ્તવમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં કોમર્શિયલ ઉપયોગ માટે માત્ર કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરવામાં આવે છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં, સામાન્ય માણસને રાહત આપતા, સરકારે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે તેને ૪૦૦ રૂપિયા સસ્તો કર્યો હતો.






સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

## ૭ ઓક્ટોબર બાદ બંગાળ-અરબ સાગરમાં વરસાદી સિસ્ટમ બનશે

। અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં ફરી વરસાદની અંબાલાલ પટેલની આગાહી આવી ગઈ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપી, સુરત નવસારી, ડાંગમાં વરસાદની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. ૭ ઓક્ટોબર પછી ચક્રવાત બનવાની અંબાલાલ પટેલની આગાહી છે. જેમાં ૧૨ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વાવાઝોડાની સંભાવના છે. ૧૫ ઓક્ટોબર એટલે નવરાત્રિનો પ્રારંભ, નવરાત્રિનું પ્રથમ નોરતું. અંબાલાલ પટેલે પહેલેથી જ કહી દીધું છે કે આ વર્ષે નવરાત્રિ બગડવાની છે. નવરાત્રિમાં ભારે વરસાદ ત્રાટકવાની શક્યતા છે. હવે લોકોને ચિંતા નવરાત્રિની થઈ રહી છે. ખેલૈયાઓ નવરાત્રિની તૈયારી કરી રહ્યાં છે, પરંતુ નવરાત્રિમાં વરસાદ પડશે કે નહિ પડે તેની મૂંઝવણ છે. ત્યારે હવે નવરાત્રિને લઈને હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી આવી ગઈ છે. નવરાત્રીના પહેલા નોરતે જ ગુજરાતના અનેક સ્થળોઓએ વરસાદની આગાહી છે. ૭ ઓક્ટોબર બાદ બંગાળ-અરબ સાગરમાં વરસાદી સિસ્ટમ બનશે. ૭ ઓક્ટોબર બાદ રાજ્યના કેટલાક ભાગોમાં હળવા વરસાદની શક્યતા છે.રાજ્યમાં વરસાદની આગાહી માટે પ્રખ્યાત અંબાલાલ પટેલે નવરાત્રિને લઈને આગાહી કરી છે. તેમણે કહ્યું કે, ૨૩ સપ્ટેમ્બરથી સૂર્ય તુલા રાશિમાં હોઈ દક્ષિણ ગોડાર્ળમા જતા ચોમાસાની ધીમે ધીમે પીછે હઠ થતી હોય છે. પરંતુ આ વખતે બંગાળાના ઉપસગાર અને અરબસાગરમાં ચક્રવાત સર્જાતા ચોમાસું મોડું ઉઠશે. ૨૬ સપ્ટેમ્બરથી બંગાળના ઉપસાગરમાં વરસાદી સિસ્ટમ બનશે, જેના કારણે વરસાદ થશે. ૨ જી ઓક્ટોબરથી વાવાઝોડાની ગતિવિધિ વધશે.




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

### U.S પિઝા સ્ટોરની ચોંકાવનારી ઘટના,

# જામનગરમાં આઇસ્ક્રીમ બાદ હવે Pizzaમાંથી વંદો નીકળ્યો

## સમગ્ર મામલે પિઝા સ્ટોરના સંચાલકને જાણ કરી હતી જે બાદ ગ્રાહકે આ વીડિયો વાયરલ કરી દીધો હતો




| જામનગર, તા.૦૧ |

જો તમે પણ ગાર્લિક બ્રેડ, પિઝા, બર્ગર ખાવાના શોખીન છો અને તેનું સતત સેવન કરો છો તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, અમદાવાદ બાદ હવે જામનગરના પિઝા સેન્ટરમાં પિઝામાંથી વંદો નીકળ્યો છે. જામનગર U.S પિઝા સેન્ટર ખાતે પિઝામાંથી વંદો નીકળતા ખળભળાટ મચી ગયો છે. જેનો વીડિયો વાયરલ થતાં ફૂડ વિભાદની ટીમે તપાસ હાથ ધરી છે. જામનગરના પંચવટી રોડ પાસેના આવેલા U.S.પિઝા સ્ટોરમાં એક ગ્રાહકે પિઝાનો ઓર્ડર કર્યો હતો. જ્યારે ગ્રાહકે પિઝાનું બોક્સ ખોલી પિઝો ખાવાની શરૂઆત કરી ત્યારે પિઝામાં વંદો જોવા મળ્યો હતો. જે બાદ ગ્રાહકે આનો વીડિયો ઉતારી લીધો હતો અને સમગ્ર મામલે પિઝા સ્ટોરના સંચાલકને જાણ કરી હતી. જે બાદ ગ્રાહકે આ વીડિયો વાયરલ કરી દીધો હતો. વીડિયો વાયરલ થયા બાદ જામનગર મહાનગરપાલિકાનું ફૂડ વિભાગ એક્ટિવ થઈ ગયું હતું. જે બાદ ફૂડ વિભાગે જામનગરના પંચવટી રોડ પાસેના U.S.પિઝા સ્ટોરમાં તપાસ હાથ ધરી હતી. આપને જણાવી દઈએ કે આ મહિને જ અમદાવાદમાંથી પણ આવી ત્રણ જેટલી ઘટનાઓ સામે આવી હતી. તાજેતરમાં જ અમદાવાદના જોધપુરના પિઝા સેન્ટરમાં પિઝામાંથી જીવાત નીકળતા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગ્રાહક દ્વારા સ્વિગી પર ઓર્ડર કરેલા પિઝા બોક્સમાંથી વંદો નીકળ્યો હતો. આ અગાઉ પણ બોપલ અને એલિસબ્રિજ ખાતે પણ પિઝામાંથી જીવાત નીકળી હતી. જે બાદ એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા લા પિનોઝ પિઝા સેન્ટરને સીલ મારી દેવામાં આવ્યું હતું. વિગતવાર વાત કરીએ તો શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ગુજરાત કોલેજ પાછળ આવેલા લા પિનોઝ પિઝામાં બપોરના સમયે કેટલાક યુવકો પિઝા ખાવા માટે ગયા હતા. જ્યાં તેઓ એર લાર્જ અને એક સ્મોલ પિઝા મંગાવ્યો હતો. પિઝા આવ્યા બાદ જ્યારે તેનું બોક્સ ખોલ્યું ત્યારે તરત એમાંથી જીવડા નીકળવા લાગ્યા હતા. જે બાદ આ યુવકોએ આનો વીડિયો ઉતાર્યો હતો, તો લા પિનોઝ પિઝા સેન્ટરના સંચાલકને જાણ કરી હતી, જેથી તેઓએ પોતાની ભૂલ સ્વીકારીને રિફંડ આપવાની વાત કરી હતી. જે બાદ આ યુવકો દ્વારા આ પિઝા સેન્ટરના રસોડામાં જઈને તપાસ કરતા ત્યાંથી પણ અનેક જીવડા જોવા મળ્યા હતા. એટલું જ નહીં લોટમાં પણ જીવડા જોવા મળ્યા હતા. જે બાદ અન્ય લોકોને જાગૃત કરવાના હેતુથી યુવકોએ વીડિયો શેર કર્યો હતો. આ અંગેની જાણ થતાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ અને પોલીસની ટીમ દોડતી થઈ હતી. બંને ટીમો તાત્કાલિક આ પિઝા સેન્ટર ખાતે દોડી આવી હતી અને રસોડામાં તપાસ કરીને પિઝા સેન્ટરને સીલ કરવામાં આવ્યું હતું.

# ઓનલાઈન ગેમનાં ચક્કરમાં સગીરે ઉડાવી દીધા રૂપિયા ૧૩ લાખ

## આ મામલે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ પૈસાનો ઉપયોગ ઓનલાઈન ગેમ તેમજ મોબાઈલ ફોનની ખરીદી કરવામાં થયો છે.



| દાહોદ, તા.૦૧ |

દાહોદ પોલીસ સ્ટેશનમાં આજકાલનાં માતા-પિતાને ચોંકાવી દે તેવો એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેમાં સગીર યુવક દ્વારા તાને દાદાનાં બેંક એકાઉન્ટમાંથી દસ કે વીસ હજાર નહી પરંતુ ૧૩ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ મામલે રિટાયર્ડ સરકારી અધિકારીએ દાહોદ સાયબર સેલમાં બેંક એકાઉન્ટમાંથી ઉપડેલ ૧૩ લાખ રૂપિયા અનઅધિકૃત રીતે ઉપડી જવા બાબતે મદદ માટે અપીલ કરી હતી. જે બાદ તેઓ સામે ચોંકાવનારી માહિતી સામે આવતા તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

ઓનલાઈમ ગેમનું બાળકોમાં એવું ભૂત ધૂણ્યું છે કે તેઓ કોઈ વખત જાણતા-અજાણતા પરિવારજનોનાં પૈસા વેડફી નાંખી છે. તેવો જ એક કિસ્સો ગુજરાતનાં દાહોદ પોલીસ સ્ટેશને નોંધાવવા પામ્યો છે. જેમાં એક સગીર બાળકે તેનાં દાદાનાં ૧૩ લાખ રૂપિયા ઉડાવી દીધા.

મળતી માહિતી મુજબ રિટાયર સરકારી અધિકારી જે સગીર બાળકનાં દાદા છે. દાદાનું કહેવું છે કે દાહોદ સાયબર સેલે બેંક એકાઉન્ટમાંથી સમયાંતરે અનઅધિકૃત રીતે ઉપડેલા ૧૩ લાખ રૂપિયાને લઈ મદદ માટે અપીલ કરી હતી. ત્યારે આ સમગ્ર બાબતે સાયબર સેલ દ્વારા તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી હતી. આ મામલે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આ પૈસાનો ઉપયોગ ઓનલાઈન ગેમ તેમજ મોબાઈલ ફોનની ખરીદી કરવામાં થયો છે. પરંતુ સગીરને ઓનલાઈન ગેમની આદતમાં છોડાવી દેવામાં આવી હતી. ત્યારે હાલ તો આ મામલાની તપાસ ચાલી રહી છે. નિવૃત દાદાએ તેમનાં બેંક એકાઉન્ટમાંથી સમયાંતરે ૧૩ લાખ રૂપિયા અનઅધિકૃત રીતે ઉપડી જવા બાબતે તેઓને શંકા ગઈ હતી. જે બાદ તેમણે સાયબર સેલની મદદ લીધી હતી. ત્યારે પૂછતાછ દરમ્યાન એ વાતનો ખુલાસો થયો કે ખરીદી બીજા કોઈએ નહી પરંતુ તેમનાં પૌત્રએ જ કરી છે. સગીર યુવકે એ સ્વીકાર્યું કે ઓનલાઈન ગેમ રમવાની ટેવમાં પૈસા બરબાદ કર્યા અને અનઅધિકૃત લેવડ દેવડ માટે તેણે તેનાં દાદાનાં મોબાઈલ ફોનનો ઉપયોગ કર્યા હતો. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે સગીર બાળકે ૧૩ લાખ રૂપિયા ગેમ પોઈન્ટ્સ, ક્રિકેટ કીટ અને બે મોબાઈલ ફોન ખરીદવામાં બરબાદ કર્યા હતા. સગીર દ્વારા આ તમામ ચીજ વસ્તુઓ તેનાં મિત્રનાં ઘરમાં સંતાડીને રાખી હતી. જેથી પરિવારજનોને આ બાબતે કંઈ જાણ ન થાય.

### ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

# વલસાડના નેશનલ હાઈવે ૪૮ પર હિટ એન્ડ રનની ઘટના સામે આવી

## સ્થાનિકો દ્વારા તાત્કાલિક ઈજાગ્રસ્ત પતિ પત્નીને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

| અમદાવાદ, તા.૦૧ |

વલસાડના નેશનલ હાઈવે ૪૮ પર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. વલસાડના ધરમપુર ચોકડી નજીક ગિરિરાજ હોટલ પાસે હિટ એન્ડ રનની ઘટના બની છે. જેમાં બાઈક પર સવાર એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયુ છે. જ્યારે અન્ય બાઈક પર સવાર પતિ પત્ની ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિકો દ્વારા તાત્કાલિક ઈજાગ્રસ્ત પતિ પત્નીને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. તો વલસાડના નેશનલ હાઈવે ૪૮ પર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. વલસાડના ધરમપુર ચોકડી નજીક ગિરિરાજ હોટલ પાસે હિટ એન્ડ રનની ઘટના બની છે. જેમાં બાઈક પર સવાર એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયુ છે. જ્યારે અન્ય બાઈક પર સવાર પતિ પત્ની ગંભીર રીતે ઘાયલ થયા છે.

સ્થાનિકો દ્વારા તાત્કાલિક ઈજાગ્રસ્ત પતિ પત્નીને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે અન્ય બાઈક પર સવાર પતિ પત્ની ગંભીર રીતે ઘાયલ થયા છે. સ્થાનિકો દ્વારા તાત્કાલિક ઈજાગ્રસ્ત પતિ પત્નીને વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# એસટી નિગમના કર્મચારીને,૭ ટકા ભથ્થું ચુકવવાનો સરકારે લીધો નિર્ણય

| અમદાવાદ, તા.૦૧ |

એસટી નિગમના કર્મચારીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેના કારણે આ કર્મચારીઓના તહેવારો સુધરી જશે. એસટીના કર્મીઓને બાકી ૭ ટકા ભથ્થુ ચુકવવાનો સરકારે નિર્ણય કર્યો છે. એસટી નિગમના કર્મચારીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જેના કારણે આ કર્મચારીઓના તહેવારો સુધરી જશે. એસટીના કર્મીઓને બાકી ૭ ટકા ભથ્થુ ચુકવવાનો સરકારે નિર્ણય કર્યો છે. બાકી ૪ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવા સમિતિએ માગ કરી છે. બોનસ સહિત પડતર પ્રશ્નના નિરાકરણની સમિતિએ માગ કરી છે. અગાઉ ૧૧ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવા માગ કરી હતી. બોનસ સહિત પડતર પ્રશ્નના નિરાકરણની સમિતિએ માગ કરી છે. અગાઉ ૧૧ ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવા માગ કરી હતી.




અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુ અને કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુ તવાંગમાં તવાંગ મેરેથોનને ફ્લેગ ઓફ કરાવે છે.

## વિશેષ લેખ


### ૨ વર્ષની મહેનત, ૨ લાખ તસવીરોમાંથ ચંદ્રની સૌથી સાફ તસવીર સામે આવી


# શું ચંદ્રનો અસલી રંગ સફેદ નહીં પણ લાલ,ગનમેટલ બ્લૂ રંગ છે!



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ





ચંદ્ર નરી આંખે સફેદ દેખાય પણ પાવર કેમેરાથી જોતા તેનો રંગ લાલ રંગ, ગનમેટલ બ્લૂ રંગ પણ દેખાઈ રહ્યો છે.આપણી કલ્પનાતો એવી જ છે કે ચન્દ્રનો રંગ સફેદ છે પણ એ સાચું નથી.ચંદ્રમાં દુરથી સફેદ દેખાય છે પરંતુ આ ૧૭૪ મેગાપિક્સલની તસવીરમાં ચંદ્રમામાં થોડો લાલ રંગ, ગનમેટલ બ્લૂ રંગ પણ દેખાઈ રહ્યો છે.ચાંદની સુંદરતાનું રહસ્ય ખુલ્યું છે.

૨ વર્ષની મહેનત કરીને ચન્દ્રની ૨ લાખ તસવીરો. લેવામાં આવી હતી તે માટે પાવરફૂલ લેન્સ વાળો ૧૭૪ મેગાપિક્સલના કેમેરાથી તસવીર લીધી હતી. ત્યારે ચંદ્રની અત્યાર સુધીનો સૌથી સાફ તસવીર સામે આવી છે. સ્પેસ ફોટાગ્રાફી કરનારા એન્ડ્ર્યુ મેક્કાર્થી અને પ્લેનેટરી સાઈન્ટીસ્ટ કોર્નર મૈથર્ને આ તસવીર લીધી છે જેમાં ચંદ્રમાંની સૌથી વિસ્તૃત તસવીર સામે આવી છે. સ્પેસ ફોટોગ્રાફી કરનારા એન્ડ્ર્યુ મેક્કાર્થી અને પ્લેનેટરી સાઈન્ટીસ્ટ કોર્નર મૈથર્ને એકસાથે કામ કરીને ૨ વર્ષની મહેનત અને લગભગ ૨ લાખ ફોટો ફ્રેમ્સનું પરિણામ છે આ તસ્વીર છે.

ચંદ્રમાં દુરથી સફેદ દેખાય છે પરંતુ આ ૧૭૪ મેગાપિક્સલની તસવીરમાં ચંદ્રમામાં થોડો લાલ રંગ, ગનમેટલ બ્લૂ રંગ પણ દેખાઈ રહ્યો છે. મેક્કાર્થીએ જણાવ્યું કે, આ લાલ રંગ આર્યન અને ફેલ્ડરસ્પાર, પૃથ્વી પરના ઓક્સિજનના કણોના ઓક્સિડાઈઝેશન એટલે કે લોખંડમાં કાટ લાગ્યો હોય તેવો રંગ દેખાય છે. જ્યારે વાદળી રંગનો જે ભાગ છે ત્યાં મોટી માત્રામાં ટાઈટેનિયમ છે. તમને એમ લાગી રહ્યું હોય કે આ ચંદ્રનો અસલી રંગ નથી તો તમે ભૂલ કરો છો, ચંદ્રનો અસલી રંગ આ જ છે પરંતુ આપણી આંખો તેના રંગો જોવા માટે સક્ષમ નથી.

મેક્કાર્થઈએ એરિજોના અમેરીકાથી ચંદ્રમાંની ૨,૦૦,૦૦૦થી વધારે તસવીરો લીધી, મેર્થને લુઈઝઈયાનાખી ચંદ્રમાની લગભગ ૫૦૦ તસવીરો લીધી. બંન્નેને મેળવીને ૯મહિના સુધી તસવીરોનું એકસાથે એડિટિંગ પર કામ કર્યું અને તેનું આ પરિણામ છે. મેક્કાર્થી ડિટેઈલ તસવીરો લેવામાં નિપૂર્ણ છે અને તેમણે ચંદ્રમાને પણ ડિટેઈલથી દર્શાવવાનો પ્રયાસ કર્યો. આ તસવીર લેવા માટે બંન્નેએ એક કેમેરો, ટ્રાઈપોડ અને સ્ટાર ટ્રેકરની મદદ લીધી હતી.

બંન્નેની આ તસવીરોને સ્પષ્ટ ફોટોનો દરજ્જો આપવામાં આવી રહ્યો છે. તેમણે આ તસવીરને 'ધ હન્ટ ફોર અર્ટેમિસ' નામ આપ્યું છે. આ તસવીર તૈયાર કરવામાં એન્ડ્ર્યૂએ ફોટો ડિટેઈલ્સ પર કામ કર્યું જ્યારે કોનરે તેના કલર ડેટા પર કામ કર્યું. કોનર અંતરિક્ષ ફોટોગ્રાફીના એક્સપર્ટ છે અને તેમને અંતરિક્ષના રંગોનું સારું એવું જ્ઞાન છે. પ્રથમ દ્રષ્ટિઓ જોતા આ તસવીર જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપમાં લેવામાં આવી હશે. પરંતુ એવું નથી બંન્નેએ જણાવ્યું કે અમે સામાન્ય ફોટોગ્રાફી કરતા કેમેરામાંથી લીધી છે. બંન્નેની આ તસવીરોને સ્પષ્ટ ફોટોનો દરજ્જો આપવામાં આવી રહ્યો છે. તેમણે આ તસવીરને 'ધ હન્ટ ફોર અર્ટેમિસ' નામ આપ્યું છે. આ તસવીર તૈયાર કરવામાં એન્ડ્ર્યૂએ ફોટો ડિટેઈલ્સ પર કામ કર્યું જ્યારે કોનરે તેના કલર ડેટા પર કામ કર્યું. કોનર અંતરિક્ષ ફોટોગ્રાફીના એક્સપર્ટ છે અને તેમને અંતરિક્ષના રંગોનું સારું એવું જ્ઞાન છે. પ્રથમ દ્રષ્ટિઓ જોતા આ તસવીર જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપમાં લેવામાં આવી હશે. પરંતુ એવું નથી બંન્નેએ જણાવ્યું કે અમે સામાન્ય ફોટોગ્રાફી કરતા કેમેરામાંથી લીધી છે.

## કુન્નુરમાં પ્રવાસીઓને લઈ જતી બસ ખીણમાં પડી, ૮ના મોત

। કુન્નૂર, તા.૧ ।

તમિલનાડુના કુન્નૂર સ્થિત મારાપલમની પાસે એક પર્ટક બસ ખીણમાં પડી જવાથી ૩૫ લોકો ઈજાગ્રસ્ત થયા અને ૮ લોકોના મોત થયા છે. આ બસ ઉટીથી મેટ્ટુપાલયમ જઈ રહી હતી. બસમાં ૫૫ યાત્રિ સવાર હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે કુન્નૂરની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ સ્થાનીક લોકો, પોલીસ અને ફાયરકર્મી બચાવ અને રાહત કામો માટે પીડિતોની મદદ માટે દોડ્યા અને ઈજાગ્રસ્તોને બચાવ્યા હતા. ઘટનાને લઈને કોયંબટૂર ઝોનના ડીઆઈજી સરવણ સુંદરે કહ્યું કે દુર્ઘટનામાં આઠ લોકોના મોત થયા છે. જ્યારે કેટલાક યાત્રિ ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત છે. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ અનુસાર પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે ડ્રાઈવરે બસ પર પોતાનું નિયંત્રણ ગુમાવી દીધુ હતું, જેના કારણે બસ કુન્નૂરની પાસે મરાપલમમાં ૧૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. પોલીસે કહ્યું કે તમિલનાડુના મરાપલમની પાસે એક પર્યટક બસ ખીણમાં પડવાથી ત્રણ મહિલાઓ સહિત આઠ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય લોકોને ઈજા પહોંચી છે.

આ વચ્ચે તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ઘટના પર શોક વ્યક્ત કર્યો અને મૃતકોના પરિવારજનોને ૮-૮ લાખ રૂપિયા અને ગંભીર રૂપથી ઈજાગ્રસ્તોને ૧-૧ લાખ રૂપિયા તથા સામાન્ય ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

## ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હશે તો કાર્યવાહી થશે : હર્ષ સંઘવી

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદના સ્પા વિવાદ બાદ ગૃહપ્રધાને મોટું નિવેદન આપ્યું છે. એક જાહેર કાર્યક્રમમાં હર્ષ સંઘવીએ ગેરકાયદે સ્પા સંચાલકો વિરૂદ્ધ હૂંકાર કર્યો છે. અને સ્પાના નામે ચાલતા ગોરખધંધા વિરૂદ્ધ કાર્યવાહીની વાત કરી છે. હર્ષ સંઘવીએ દાવો કર્યો કે ગત વર્ષે પોલીસે સ્પા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરી હતી. અને આ સિલસિલો યથાવત રહેશે.

હર્ષ સંઘવીએ હૂંકાર કર્યો કે જ્યાં ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હશે ત્યાં પોલીસ કાર્યવાહી કરશે. થોડા દિવસ અગાઉ અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલા એક સ્પાની લોંબીમાં યુવતીને માર મારવાનો વીડિયો વાયરલ થયો હતો. માર મારનાર ગેલેક્સી સ્પાના સંચાલક મોહસીન રંગરેજની ધરપકડ કરવામાં આવી હતી.

## ખોડલધામ નરેશ પટેલનો પાટીદાર યુવકોને હુંકાર

। ખોડલધામ, તા.૧ ।

ખોડલધામ વિદ્યાર્થી સમિતિ કન્વીનર મીટ-૨૦૨૩ બેઠકનું આયોજન કરાયું હતું. જેમાં નરેશ પટેલે પાટીદાર યુવકોને હુંકાર કરતા કહ્યું કે, આપણે સવા કરોડ છીએ, જરૂર પડે તો ભેગા થઈ જવું. પાટીદાર યુવાનો હાલના સમયમાં મૂછોના આકડા રાખતા થયા છે, મૂછોના આંકડા રાખવા પણ ઉપયોગ કરવો પડે ત્યારે કરી લેવો જોઈએ. ખોડલધામ મંદિર એ લેઉવા પટેલ સમાજના આસ્થાનું પ્રતિક છે. જેમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-દ્રહ્રફજી ૨૦૨૩ની મીટ યોજાઈ હતી. નરેશ પટેલના અધ્યક્ષ સ્થાને વિદ્યાર્થી સમિતિ કન્વીનર મીટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખોડલધામમાં કન્વિનર મીટમાં નરેશ પટેલે નિવેદન આપ્યું કે, પટેલ સમાજ બહોળો અને ભોળો છે. પટેલ સમાજનો ફાયદો ખોટી રીતે લેવામાં આવી રહ્યો છે. શેરીમાં ઝઘડો થાય તો ૫ સામે ૫૦ હોય તો હટી જવું પડે. આપણે તો ગુજરાતમાં સવા કરોડ છીએ. જ્યાં જરૂર પડે ત્યાં ભેગા થવું જોઈએ. પટેલ સમાજના યુવાનોમાં મૂછો રાખવાની ફેશન છે. આંકડાઓ રાખે છે તો જરૂર પડે ત્યાં ઉપયોગ પણ કરી લેવો.



કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ ચંદેરી જિલ્લામાં રોડ શો દરમિયાન સમર્થકોને લહેરાવે છે.

### એથલેટિક્સમાં ભારતનો ધમાકો

## અવિનાશ સાબલે-તેજિંદરપાલ સિંહે ભારત માટે જીત્યો ગોલ્ડ મેડલ

। નવી દિલ્હી, તા.૧ ।


૧૯મી એશિયન ગેમ્સમાં એથલેટિક્સ ઈવેન્ટમાં આજે ભારતના ખાતામાં બે ગોલ્ડ મેડલ આવ્યા છે. પુરૂષોની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝ રેસમાં ભારતના અવિનાશ સાબલેએ ૮:૧૯:૫૩ ના ટાઈમિંગની સાથે પ્રથમ સ્થાને રહી ગોલ્ડ મેડલ જીત્યો છે. ત્યારબાદ મેન્સ શોટપુટ ઈવેન્ટમાં ભારતના તેજિંદરપાલ સિંહે ગોલ્ડ મેડલ કબજે કર્યો છે. એશિયન ગેમ્સમાં ભારતનો આ ૧૩મો ગોલ્ડ છે તો એથલેટિક્સ ઈવેન્ટમાં ચોથો મેડલ છે. ભારતને આ વખતે એથલેટિક્સ એટલે કે ટ્રેક એન્ડ ફીલ્ડ ઈવેન્ટ્સમાં એશિયન ગેમ્સમાં સૌથી વધુ મેડલ જીતવાની આશા છે. અવિનાશ સાબલે અને તેજિંદરપાલ સિંહે ગોલ્ડ મેડલ જીતવાની સાથે આશાને જાળવી રાખી છે. અવિનાશ સાબલે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય પુરૂષ ખેલાડી બની ગયો છે. તેજિંદરપાલ સિંહે ૨૦૧૮ એશિયન ગેમ્સમાં શોટપુટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ કબજે કર્યો હતો. હવે તેણે એશિયન ગેમ્સ ૨૦૨૨માં પણ ગોલ્ડ મેડલ જીતીને પોતાના મેડલને ડિફેન્ડ કર્યો છે. પ્રથમ બે થ્રોમાં ફાઉલ થયા બાદ તેજિંદરપાલ સિંહે શાનદાર વાપસી કરી.

### હવે બંને દેશો એકબીજાને જરૂરી, ઉપયોગી અને કમ્ફર્ટેબલ પાર્ટનર તરીકે જુએ છે : વિદેશમંત્રી

## ચંદ્રયાન મિશનની જેમ ભારત અને યુએસના સંબંધ નવી હાઇટ પ્રાપ્ત કરશે

। વોશિંગ્ટન, તા.૧ ।

ભારત અને કેનેડા વચ્ચે હાલમાં જે વિવાદ ચાલે છે તેના કારણે ભારત અને અમેરિકાના સંબંધો પર અસર પડશે તેવું કહેવાય છે, પરંતુ વિદેશમંત્રી એસ જયશંકર આ વાત સાથે સહમત નથી. તાજેતરમાં વોશિંગ્ટનમાં મીડિયાને સંબોધતા જયશંકરે ભારત અને યુએસના સંબંધોની તુલના ચંદ્રયાન સાથે કરી હતી. તેમણે કહ્યું કે ચંદ્રયાનની જેમ ભારત અને



અમેરિકાના સંબંધો પણ ઉંચાઈ પ્રાપ્ત કરશે અને ઘણા આગળ વધી જશે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ભારત અને અમેરિકાના રિલેશન વિશે એક મહત્વની વાત કરી છે. તેમણે કહ્યું છે કે ભારત અને અમેરિકાના સંબંધો ચંદ્રયાન જેવા છે અને તેમાં કોઈ લિમિટ મૂકી શકાય તેમ નથી. હવે બંને દેશો એકબીજાને જરૂરી, ઉપયોગી અને કમ્ફર્ટેબલ પાર્ટનર તરીકે જુએ છે. મુલાકાતમાં તેમણે કહ્યું કે, “મને ઘણી વખત પૂછવામાં આવે છે કે ભારત અને અમેરિકાના સંબંધ કઈ દિશામાં આગળ વધી રહ્યા છે. મને આ વિશે કોઈ લિમિટ નક્કી કરવી કે તેને ડિફાઈન કરવું મુશ્કેલ લાગે છે. પરંતુ હું કહીશ કે તે સતત ચંદ્રયાનની જેમ આગળ વધી રહ્યા છે. તાજેતરના ઈસરોના ચંદ્રયાન મિશનની જેમ ભારત અને અમેરિકાના સંબંધ પણ નવી હાઈટ પ્રાપ્ત કરશે” તેમણે કહ્યું કે જી-૨૦ બેઠકને સફળ બનાવવા માટે અમને અમેરિકા તરફથી જે સપોર્ટ મળ્યો તે બહુ ઉપયોગી હતો. વોશિંગ્ટનમાં હું આ બાબતનો સ્વીકાર કરતા આનંદ અનુભવું છું. અમેરિકા સ્થિત ભારતીય દુતાવાસે ભારત અને અમેરિકાની મિત્રતાની ઉજવણી કરવા માટે કાર્યક્રમ યોજ્યો ત્યારે તેમાં સેંકડો ભારતીય અમેરિકનોએ ભાગ લીધો હતો. જયશંકરે કહ્યું કે ૪-૨૦ની સફળતા એ ભારત અને અમેરિકાની પાર્ટનરશીપની સફળતા કહી શકાય. હું વચન આપું છું કે આ સંબંધો ચંદ્રયાનની જેમ ચંદ્ર સુધી અને કદાચ તેનાથી આગળ પણ જશે.

### સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઇ

## જેતપુરના રાજવી મહિપાલ વાળા સાહેબનું ૭૪ વર્ષની વયે નિધન

। રાજકોટ, તા.૧ ।

રાજકોટમાંથી વધુ એક શોકના સમાચાર સામે આવ્યા છે, રાજકોટના જેતપુરમાંથી પીઠડીયાના છેલ્લા રાજવી સાહેબનું આજે નિધન થયુ છે. રાજવી સાહેબના નિધનથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે. માહિતી પ્રમાણે, આજે સવારે રાજકોટના જેતપુરના રાજવી, જેતપુર સ્ટેટના ચાપરાજ વાળાના વંશજ મહિપાલ વાળા સાહેબનું નિધન થયુ છે. મહિપાલ વાળા સાહેબનું ૭૪ વર્ષની વયે નિધન થયુ છે, આ નિધનના સમાચારથી ભારે શોક ફેલાયો છે. જેતપુરના (પીઠડીયા) છેલ્લા રાજવી દરબારશ્રી મહિપાલ વાળા સુરગ વાળા સાહેબે આજે સવારે નાદુરસ્ત તબિયતના કારણે અંતિમ શ્વાસ લીધા હતા. રાજવી પરિવાર દ્વારા ધારેશ્વર સ્થિત દરબારગઢ ખાતે મહારાજા સાહેબના પાર્થિવ દેહની બપોરના ૪ કલાકે સ્મશાન યાત્રા નીકળી હતી. મહિપાલ વાળા સાહેબ ભારત સરકારે જાહેર કરેલા જેતપુરના છેલ્લા રાજવી હતા. મહિપાલ વાળા સાહેબે દુંન સ્કૂલ દેહરાદૂન, રાજકુમાર કૉલેજ રાજકોટ તથા સેન્ટ જેવિયર્સ કૉલેજ બૉમ્બેમાં અભ્યાસ કર્યો હતો, આ ઉપરાંત તેઓ વિશ્વવિખ્યાત રાજકુમાર કૉલેજના ૮ વર્ષ સુધી પ્રમુખ પણ રહ્યાં હતાં મહારાજ સાહેબના નિધનથી રાજવી પરિવારની સાથે સાથે જેતપુરમાં પણ ઘેરો શોક ફેલાઈ ફેલાયો છે.

### આગામી પાંચ દિવસ પડશે ભારે વરસાદ

## ચોમાસાની વિદાયની વચ્ચે ઘણા રાજ્યો માટે ખુશખબર

। નવી દિલ્હી, તા.૧ ।

હવામાન વિભાગે આગામી કેટલાક દિવસ સુધી ઘણા રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. સાથે તે પણ જણાવ્યું કે દક્ષિણી મહારાષ્ટ્ર અને તેની આસપાસના વિસ્તારો ઓછા દબાવનું ક્ષેત્ર બની ગયું છે. તો ગંગીય પશ્ચિમ બંગાળ અને ઝારખંડના વિસ્તારમાં પણ એક લો પ્રેશર એરિયા એટલે કે ઓછા દબાણવાળું ક્ષેત્ર બનેલું છે, જેના કારણે ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આગામી બે-ત્રણ દિવસમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ અને પશ્ચિમી



મધ્ય પ્રદેશના કેટલાક વિસ્તાર અને રાજસ્થાન તથા ગુજરાતના કેટલાક એરિયામાં ચોમાસાની વાપસી થશે. વિવિધ રાજ્યોમાંથી ચોમાસાની થઈ રહેલી વિદાય વચ્ચે હવામાન વિભાગે ખુશખબર આપતા જણાવ્યું કે પૂર્વી ભારતના હિમાયલી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઝારખંડ, ઓડિશામાં એકથી ચાર ઓક્ટોબર ભારે વરસાદ થશે. આ સિવાય ગંગાના પશ્ચિમ બંગાળ વિસ્તાર, બિહારમાં પણ એકથી પાંચ ઓક્ટોબર મૂશળધાર વરસાદ થશે. અંડમાન અને નિકોબાર દ્વીપમાં એક, ચાર અને પાંચ ઓક્ટોબરે ભારે વરસાદ પડશે. નોર્થઈસ્ટ ઈન્ડિયાની વાત કરીએ તો અસમ, મેઘાલયમાં એકથી પાંચ ઓક્ટોબર, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં એક, ત્રણ અને ચાર ઓક્ટોબર, અરૂણાચલમાં ત્રણ અને ચાર ઓક્ટોબરે ભારે વરસાદ પડી શકે છે. પશ્ચિમી ભારત રાજ્યોની વાત કરીએ તો કોંકણ, ગોવા, સાઉથ મધ્ય મહારાષ્ટ્રમાં એક ઓક્ટોબરે વરસાદની સંભાવના છે.

## મુસ્લિમ યુવકોએ ડીજે પર “સર તન સે જુદા”ના નારા સાથે ગીત વગાડ્યું

। વડોદરા, તા.૧ ।

ગુજરાતના વડોદરામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, વડોદરામાં કેટલાક મુસ્લિમ યુવકોએ ડીજે પર “સર તન સે જુદા”ના નારા સાથે ગીત વગાડ્યું હતું. આનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જે બાદ ગુજરાત પોલીસ એક્શનમાં આવી છે અને ૩ યુવકોની ધરપકડ કરી છે. નોંધનિય છે કે, ઈદના દિવસે એક જુલૂસ કાઢવામાં આવ્યું હતું, આ જુલૂસ દરમિયાન આ ગીત વગાડવામાં આવ્યું હતું. નવાઈની વાત એ છે કે, આ શોભાયાત્રા દરમિયાન કોઈએ આ અંગે કોઈ વાંધો ઉઠાવ્યો નથી. વડોદરામાં ઈદ-એ-મિલાદ નિમિત્તે જુલૂસ કાઢવામાં આવી રહ્યું હતું, તે દરમિયાન જુલૂસમાં ‘સર તન સે જુદા’ના નારા સાથે ડીજે વગાડવામાં આવી રહ્યો હતો.



વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હોર્ડિંગ્સ અને પોસ્ટરો મહબૂબનગર જિલ્લામાં તેમની જાહેર સભા માટે લગાવવામાં આવ્યા છે.

### ઘટનામાં ૧૭ આરોપીએ ફરાર

## મંજૂસર પથ્થરમારામાં ૪૮ તોફાની વિરુદ્ધ નામજોગ ફરિયાદ દાખલ

। વડોદારા, તા.૧ ।

વડોદારામાં અસામાજિક તત્વો દ્વારા દબંગાઇ બાદ તોફાનો કરવાના મામલે પોલીસે હવે મોટી કાર્યવાહી શરૂ કરી દીધી છે. વડોદરાના સાવલી તાલુકાના મંજુસર ગામે ગણપતિ વિસર્જન યાત્રા દરમિયાન બે જૂથ વચ્ચે જોરદાર અથડામણ થઇ હતી, બાદમાં પથ્થરમારાની ઘટનાથી વાતાવરણમાં તંગદીલી ફેલાઇ ગઇ હતી. હવે આ મામલે પોલીસે કાર્યવાહી કરતાં ૪૮ તોફાનીઓ સામે ફરિયાદ દાખલ કરી છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરાના મંજુસર ગામમાં ગુરુવારે શ્રીજી વિસર્જન યાત્રામાં પથ્થરમારો કરનાર ૪૮ જેટલા તોફાનીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થઇ છે. જેમાં ૪૮ પૈકી ૧૮ આરોપોની નામજોગ ફરિયાદ દાખલ થઇ છે. આમાં એક આરોપી અબ્બાસ વાઘેલાની ધરપકડ શુક્રવાર રાતે જ પોલીસે કરી લીધી હતી, અને આગળની પુછપછ કરવામાં આવી રહી છે. જિલ્લા પોલીસે ૧૭ આરોપીઓને પોલીસ મથકે હાજર થવા તેમના ઘરે નૉટિસો ફટકારી છે. ખાસ વાત છે કે, તોફાન થયા બાદ ૧૭ આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.


## પાણીને હવાલે ન્યૂયોર્ક, ભારે વરસાદ વચ્ચે તળાવમાં ફેરવાઈ ગયું શહેર

### ભારે વરસાદ અને પૂરથી અમેરિકાનું ન્યૂયોર્ક શહેર થંભી ગયું છે : પૂરના પાણી સમગ્ર શહેરમાં ફરી વળ્યા છે

। ન્યૂયોર્ક, તા.૧ ।

વરસાદ જ્યારે સામાન્યથી વધારે પડે, ત્યારે પાણીની સાથે તંત્રની વ્યવસ્થાઓ પણ તણાઈ જતી હોય છે. તંત્ર પ્રત્યે લોકોનો રોષ વધી જાય છે. વધુ વરસાદના કિસ્સામાં ગુજરાતના શહેરોમાં જે દ્રશ્યો સામે આવતાં હોય છે, તેવા જ દ્રશ્યો અત્યારે અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં જોઈ શકાય છે. વરસાદે સવાસો વર્ષનો રેકોર્ડ તોડી નાંખતા ન્યૂયોર્ક બેટમાં તબ્દીલ થઈ ગયું છે. શહેરમાં વાહનોની જગ્યાએ હોડી ચાલી રહી છે. દુનિયાના સૌથી વિકસિત શહેરોમાંથી એક એવા ન્યૂયોર્કનું તંત્ર પૂર સામે લાચાર છે.

કુદરતી આફતોના જોર આગળ માણસોએ કરેલો વિકાસ વામણો છે. ભારે વરસાદ ત્રાટકે ત્યારે દુનિયાના સૌથી વિકસિત શહેરની વ્યવસ્થા પણ ભાંગી પડતી હોય છે...અમેરિકાના ન્યૂયોર્ક શહેરના આ દ્રશ્યો તેનો પુરાવો છે. પૂરના પાણી સમગ્ર શહેરમાં ફરી વળ્યા છે. રસ્તા, બગીચા, સબવે, કોમર્શિયલ ઈમારતો અને રહેણાંક વિસ્તારો પાણીને હવાલે છે. રસ્તા પર પાર્ક કરેલી કારના ટાયર ડૂબી જાય તેટલા પાણી ભરાયા છે. ન્યૂયોર્કના બ્રૂકલીન અને લોઅર મેનહેટન વિસ્તારો વરસાદથી સૌથી વધુ પ્રભાવિત થાય છે. ૬ ઈંચથી વધુ વરસાદ



ખાબકતાં શહેર તળાવમાં ફેરવાઈ ગયું. રસ્તા પર વાહનો લઈને નીકળવું મુશ્કેલ બન્યું છે. જ્યાં જુઓ ત્યાં પાણીનો પ્રવાહ આડો આવે છે.પાણીના ઝડપી નિકાલ માટે રસ્તા પરના મેનહોલ ખોલી દેવાયા છે. તેમ છતા પાણીના નિકાલમાં સમસ્યા આવી રહી છે. બ્રૂકલીનમાં મેટ્રો સ્ટેશન સંપૂર્ણપણે પાણીને હવાલે છે, મેટ્રોની છત પર પાણી પડી રહ્યું છે. ટ્રેનની અંદર પાણી ઘૂસી ગયા છે. એવામાં અનેક મુસાફરો અટવાયા હતા. ડિપાર્ટમેન્ટલ સ્ટોર પણ સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગયા છે. જે સામાન બચી ગયો છે, તેને લોકો પાણી વચ્ચેથી પસાર થઈને ખરીદી રહ્યા છે. ખરીદીનો આવો અનુભવ લોકોને પહેલાં ભાગ્યે જ મળ્યો હશે. બ્રૂકલીનમાં ફૂટપાથ પર ઉભેલું એક વિશાળ વૃક્ષ મૂળમાંથી ધરાશાયી થઈને એક કાર પર પડતાં કારનો નકશો બદલાઈ ગયો. જો કે કારમાં કોઈ ન હોવાથી જાનહાનિ ટળી ગઈ. રહેણાંક વિસ્તારો બેટમાં ફેરવાઈ જતાં લોકોએ વાહનો મૂકીને હોડી ચલાવવાની ફરજ પડી છે. તેના સિવાય બહાર નીકળવાનું શક્ય નથી. હજુ પણ ન્યૂયોર્કમાં ૮ ઈંચ વરસાદની આગાહી છે. જેને જોતાં ન્યૂયોર્કમાં તો શુક્રવારે જ ઈમરજન્સી જાહેર કરી દેવાઈ હતી.

## તંત્રી લેખ...

# આ પાનનો ઉકાળો પીઓ,

કિડનીમાં પથરી થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. કિડનીમાં જ્યારે પથરી થાય ત્યારે અસહ્ય દુખાવો થતો હોય છે. આમ, તમે આ પાનથી પથરીને તોડીને સરળતાથી બહાર નિકાળી શકો છો. પેશાબ અને કિડનીની સમસ્યાથી અનેક લોકો પીડાતા હોય છે. આમાંથી એક સૌથી કોમન અને ભયંકર બીમારી કિડનીમાં પથરી થવાની છે. આ રોગમાં કિડનીમાં નાની-મોટી પથરી થતી હોય છે. આ પથરી સામાન્ય રીતે પેશાબના માર્ગમાં ફસાઈ જતી હોય છે જેના કારણે પેશાબ બરાબર થતો નથી અને થોડો દુખાવો થતો હોય છે. પેશાબમાં પથરી થવા પાછળ અનેક કારણો હોય છે, જેમાં ખાસ કરીને પ્રોટીન, સોલ્ટનું વધારે સેવન, કેલ્શિયમનું વધારે સેવન, જેનેટિક કારણ મૂત્ર માર્ગમાં સંક્રમણ થવાની સમસ્યા રહેતી હોય છે. પેશાબમાં જ્યારે પથરી થાય ત્યારે પેટના નીચેના ભાગમાં દુખાવો, પેશાબમાં લોહી આવવુ, પેશાબમાં બળતરા થવી, વારંવાર બાથરૂમ જવાની ઈચ્છા થતી હોય છે. આ લક્ષણો ખાસ કરીને જોવા મળતા હોય છે. કિડનીની પથરીનો આર્યુવેદિક ઈલાજ શું છે? નવભારતટાઈમ્સ અનુસાર આર્યુવેદ ડોક્ટર ચૈતાલી રાઠોડ જણાવે છે કે પેશાબની પથરીની સારવાર માટે ભલે એડવાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ થતો હોય, પરંતુ અનેક વર્ષો પહેલાં લોકો પૂરી રીતે આર્યુવેદિક હર્બલ દવાઓ પર નિર્ભર કરતા હતા. તો જાણો આ વિશેની આર્યુવેદિક સારવાર શું છે. પથ્થરચટ્ટાના પાન પથરીને દૂર કરવાનું કામ કરે છે. ભારતમાં આ બહુ પ્રસિદ્ધ પાન છે. આ પાનને પથ્થરચટ્ટા, પત્થરતોડ તેમજ પત્થરચૂર એમ વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ પાનનો ઉપયોગ આર્યુવેદિક ચિકિત્સામાં જડીબુટ્ટીના રૂપમાં કરવામાં આવે છે. પથ્થરચાટ પાનનો ઉપયોગ કેવી રીતે કરશો એ બહુ મહત્વનો છે. તમે પાનનો ઉકાળો બનાવીને પી શકો છો. આ પાનનો તમે ચૂર્ણ બનાવી શકો છો. આ સાથે તમે ઉકાળો પણ બનાવી શકો છો. આ ઉકાળો તમે પીઓ છો તો પેશાબ વાટે પથરી બહાર નિકળી જશે. ઉકાળો બનાવવા માટે એક ચમચી પાવડર લો અને એમાં બે કપ પાણી નાખીને મિક્સ કરો. પછી આ વસ્તુને સારી રીતે ઉકાળી લો. આ ઉકાળો દિવસમાં બેથી ત્રણ વાર પીઓ. મહત્વની વાત એ છે કે આ માટે તમારે ડોક્ટરની સલાહ લેવી ખૂબ જરૂરી છે. આ પાનનો તમે ચૂર્ણ બનાવી શકો છો. આ સાથે તમે ઉકાળો પણ બનાવી શકો છો. આ ઉકાળો તમે પીઓ છો તો પેશાબ વાટે પથરી બહાર નિકળી જશે. ઉકાળો બનાવવા માટે એક ચમચી પાવડર લો અને એમાં બે કપ પાણી નાખીને મિક્સ કરો. પછી આ વસ્તુને સારી રીતે ઉકાળી લો. આ ઉકાળો દિવસમાં બેથી ત્રણ વાર પીઓ. મહત્વની વાત એ છે કે આ માટે તમારે ડોક્ટરની સલાહ લેવી ખૂબ જરૂરી છે.

# એકલાં લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે છે.




**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

જીવનમાં મનુષ્યોનો ઘણો સમય વાતો કરવા માં જાય છે. કેટલાંકનો વાંચવામાં જાય છે.બહુ વાંચવું એ પણ સારું નથી.બહુ વાંચવાથી શબ્દજ્ઞાન વધે છે, પણ કદાચ તેની સાથે અભિમાન પણ વધે છે. રાજા, જે સમય ગયો તેને માટે હવે રડવુંનહીં તેનો વિચાર ન કરો. ભૂતકાળનો વિચાર કરવાથી કાંઈ લાભ નથી તું તારા વર્તમાનને સુધાર. આ સાત દિવસનો સમય મળ્યો છે તેનો સદુપયોગ કરો. મનુષ્ય ઈન્દ્રિયસુખમાં એવોફસાયો છે કે, તેને પોતાના લક્ષ્યનું ભાન હેતું નથી. શરીર, પુત્ર, સ્ત્રી આદિ અસત્ય છે છતાં તેના મોહ માં એ એવો પાગલ બન્યો છે તે સમયનું ભાન નથી,લક્ષ્યનું ભાન નથી. માટે તમારે ક્યાં જવું છે અને શું થવું છે તે આજથી જ નક્કીકરો ઈચ્છા શુદ્ધિ વિના કર્મ શુદ્ધિ થતી નથી. નિશ્ચય કરો કે મારે ભગવાનને મળવું છે,મારે ભગવાનના ધામ માં જવું છે, મારે હવે ફરી જન્મ લેવો નથી.

દુનિયામાં વિકાર વાસના વધ્યાં છે તેથી ત્યાગ અને સંયમ ઘટ્યાં છે. કાળ ધક્કો મારે અને રડતાં રડતાં ઘર છોડીએ તેના કરતાં વિવેકથી ઘર છોડી દો તે જ સારું.પ્રભુનું સ્મરણ ક્ષણ ક્ષણને અંતકાળે કરવાનું,નહીં કે જીવનના અંતકાળે પ્રતિક્ષણ આ શરીર બદલાય છે. એટલે પ્રતિક્ષણ શરીરનો નાશ થાય છે.અંતકાળ એટલે દરેક પળ ને અંતે મનુષ્યનું મૃત્યુ થાય છે, તેથી પ્રતિક્ષણે પ્રભુનું સ્મરણ કરો.

આખું જીવન જેની પાછળ જાય, તે જ અંતકાળે યાદ આવે છે. એક ડોસો માંદો પડ્યો.તેનું સમગ્રજીવન દ્રવ્ય વગેરે પાછળ ગયેલું.અંતકાળ નજીક આવ્યો. છોકરાઓ બાપાને ‘શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ નારાયણ વાસુદેવ’ બોલવા નું કહે. પણ બાપાના મુખમાંથી ભગવાનનું ગાય નીકળતું નથી. જિંદગીમાં ભગવાનનું નામ લીધું હોય તો ભગવાનનું નામ યાદ આવે ને?ડોસો મનથી દ્રવ્યનું ચિંતન કરે છે. ડોસાની નજર તેવામાં આંગણા પર પડી. ત્યાં જોયું તો વાછરડો સાવરણી ખાતો હતો. ડોસાથી નજીવું નુકસાન પણ ન જોયું ગયું. ડોસો હૈયું બાળે કે મેં કેવી રીતે મેળવ્યું છે તે આ લોકો શું જાણે? ઘરના કોઈ લોકોને પૈસાનીકે ચીજ વસ્તુઓની દરકાર નથી. આ લોકો મારા ગયા બાદ ઘરને કેવી રીતે ચલાવશે? ડોસાથી બોલી શકાતું નથી, છતાં તૂટકતૂટક શબ્દે તે વા...સા...વા...સા બોલવા લાગ્યો. એક છોકરાને લાગ્યું,બાપા વાસુ દેવ બોલવા જાય પણ તેમનાથી બોલાતું નથી. બીજા છોકરાઓને સ્વાર્થને લીધે લાગ્યું કે, બાપા કંઈ વારસામાં આપવાની ઈચ્છાથી બોલે છે. વારસામાં આપવા ખાનગી મિલકત છુપાવી રાખી હશે. તે બાબતમાં તેઓ કંઈ કહેવા માગે છે.એટલે છોકરાઓએ ડૉક્ટરને બોલાવ્યાને કહ્યું,બાપા થોડું બોલી શકે તેમ કરો. ડૉક્ટરે કહ્યું કે, ઈંજેક્શન આપીએ ડોસો થોડો વખત બોલી શકશે, પરંતુ તે માટે એક હજાર રૂપિયા ખર્ચ લાગશે. છોકરાઓને આશા હતી કે, બાપાએ કાંઈ દાટ્યું હશે તે બતાવશે. એટલે લાલચમાં એમણે રૂપિયા એક હજાર ખર્ચ કર્યો. બાપા શું બોલે છે તે સાંભળવા બધા આતુર થયા અને દવાની અસરથી બાપા બોલ્યા અહીં મારા તરફ શું જુઓ છો? ત્યાં પેલો વાછરડો સાવરણી. બોલતાં બોલતાં ડોસાએ દેહ છોડ્યો આવી દશા તમારી ન થાય તે જોજો.



હસવાની આ કથા નથી, સાવધાન થવા માટે છે. એકલાં લક્ષ્મીજી આવે તો રડાવીને જાય છે પણ ઠાકોરજી સાથે આવે તો સુખી કરે છે.

લોકો કહે કે કાળ આવવાનો છે તેની કેમ ખબર પડે? પરંતુ કાળ આવતાં પણ કાગળ લખે છે, પણ કાળનો કાગળ કોઈને વાંચતાં આવડતો નથી. ઉપરનું છાપરું ધોળું થવા લાગે, ત્યારે માનજો કે કાળની નોટિસ આવી છે. દાંત પડવા લાગે એટલે માનજો કે કાળની નોટિસ આવી છે. હવે દૂધ-ભાત ખાઈનેપ્રભુભજન કરવાનો સમય આવ્યો છે પણ લોકો તો ચોકઠું બનાવડાવે છે. ચોકઠું હોય તો પાપડ ખાવાની મજા આવે છે. અરે! ક્યાં સુધી ખાશો? ખાવાથી શાંતિ મળતી નથી. આવાથી વાસના વધે છે.

મૃત્યુની નિશાની અનેક રીતે બતાવી છે. અરુંધતીનો તારો ન દેખાય તો સમજજો કે એકન વર્ષમાં મરીશ. સ્વપ્નમાં શરીર કાદવમાં ખૂંપતું દેખાય તો માનવું કે નવ માસમાં મારું મૃત્યુ સ્વપ્નમાં ગધેડા ઉપર, કુંભારના હાથી ઉપર બેઠેલો દેખાય તો માનવું કે,છ માસ માં મૃત્યુ કાનમાં આંગળી નાખ્યા પછી અંતર ધ્વનિ ન સંભળાય,તો માનજો કે આઠ દિવસમાં મરીશ છે.મૃત્યુનાં લક્ષણો જાણી ગભરાશો નહીં. સાવધાન થવા માટે આ લક્ષણો બતાવ્યાં છે. સાવધાન થવા માટે કથા છે

રાજા, મરણને સુધારવું હોય તો પ્રત્યેક ક્ષણને સુધારજો. રાજા, રોજ વિચાર કરવો. મનને વારંવાર સમજાવવું કે, ઈશ્વર સિવાય મારું કોઈ નથી. આ શરીર પણ એક દિવસ છોડવું પડશે. તેથી તે પણ મારું નથી. શરીર મારું નથી તો મારું કોણ? કારણ સર્વ સંબંધો શરીરથી ઉત્પન્ન થાય છે. ભાવના કરો મારું કોઈ નથી, હું કોઈનો નથી. આ રીતે મમતા કરો. સંગ્રહથી મમતા વધે છે,માટે અપરિગ્રહી રહો. તૃપ્તિ ભોગમાં નહીં, ત્યાગમાં છે. સમતા સિદ્ધ કરવા માટે સૌ સાથે મમતા રાખો. વ્યક્તિગત મમતા દૂર કરો.

દરેક મનુષ્યે પ્રતિક્ષણે સર્વાત્મા સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ ની લીલાઓનું જ શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું જોઇએ.

ઈન્દ્રિયોને ભોગથી શાંતિ મળતી નથી, પણ પ્રભુસ્મરણથી- પ્રભુ સેવાથી શાંતિ મળે છે. દેહ એ જ દુઃખનું કારણ છે. દુઃખ ભોગવવા જ દેહ મળ્યો હોત. દેહ ધારણ કરવો એ પાપ છે.શુકદેવજી કહે છે, હે રાજા, માનવશરીર ભોગવવા માટે મળ્યું નથી. માનવશરીર તો ભજન કરી ભગવાનને પ્રાપ્ત કરવા માટે મળ્યું છે. માટે ભગવદ્ સ્મરણમાં લીન રહો. મનુષ્યજન્મ પ્રભુના સ્મરણ માં લીન કરો. જીવનને એવું બનાવી લો કે મૃત્યુના સમયે ભગવાનની યાદ રહે. જીવ શિવ થવા પ્રયત્ન કરતો નથી. બાકી માનો ન માનો, પણ જીવ તો શિવ થવા માટે જ સર્જાયો છે. જીવ ઈશ્વરને કહે છે કે, હું તમારો છું, તો તે સંબંધ અપૂર્ણ રહે છે. પરંતુ ઈશ્વર જીવને કહે છે કે, તું મારો છે તો તે સંબંધ પરિપૂર્ણ બને છે. પાપને ટાળો. પુણ્યકાર્ય તરત કરો. ઈશ્વર આપણને પાપની પ્રવૃત્તિઓમાં જોડતાં નથી, પરંતુ જન્મોજન્મના સંચિત સંસ્કારોથી પાપની પ્રેરણા થાય છે. એકાંતમાં ઈશ્વરભજન કરો. એકાંત જલદી મનને એકાગ્ર બનાવે છે. એક ઈશ્વરમાં સર્વનો અંત કરવો એ એકાંત. મનને એકાગ્ર કરવા એકાંતમાં રહેવાની જરૂર છે. ગૃહસ્થ ઘરમાં સમભાવ રાખી શકતો નથી,કારણકેગૃહસ્થાશ્રમના વ્યવહારો વિષમતાથી ભરેલા છે, ત્યાં સમતા રહી શકતી નથી. ગૃહસ્થના ઘરમાં ભોગના પરમાણુઓ ભરેલા હોવાથી ઘરમાં રહી સતત પરમાત્મા નું ધ્યાન કરવું એ કઠણ છે. એટલે ભાગવતમાં શુકદેવજી એ સ્પષ્ટ કહેલું છે કે, જેનું મરણ સમીપ આવ્યું તે ઘર છોડી દે તો જ મરણની તૈયારી થશે.

## વિશેષ લેખ

**શીર્ષક- સમાજ દર્શન**

# ગોળમેજી પરિષદમાં કોઈ ભારતીય બોલતા હોય, અને પિન ડ્રોપ સાઇલેન્ટથી બાકીના સાંભળતા હોય, તો એ વ્યક્તિને સેલ્યુટ કરવાનું જરૂર મન થાય



**સદગુરુ વચનામૃત**

સંકલન - ફાલ્ગુની વસાવડા

આજે બે મહાનુભાવની જન્મ જયંતી એક ગાંધીજી અને બીજા લાલબહાદુર શાસ્ત્રીની. ઓક્ટોબર બે પ્રકારના લોકો માટે ખાસ છે. એક તો બીજી ઓક્ટોબરે આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મ જયંતી હોવાથી, એને નામે ચરી ખાનારા નેતાઓ એ દિવસે ઢગલાબંધ કાર્યક્રમ કરી, અને પોતાને પણ ગાંધીવાદી ગણાવી પ્રજાના પ્રિય બની વોટબેંક ઉભી કરે છે. જ્યારે બીજી ઓક્ટોબરના માનમાં સાચે જ જે ગાંધીવાદી છે, અને ખાદીધારી પણ છે, એટલે ખાદી પર રિબેટ મેળવવા ઉત્સુક હોય છે. આમ તો હવે આ બધું કહેવા ખાતરનું છે, ફોટા પરની ધૂળ ઉડાડવા અને મૂર્તિ પરના જાળાઓ વીખવા સિવાય આમાં બીજું કોઈ તથ્ય રહ્યું નથી. આ એ જ દેશ છે કે જેને સ્વતંત્રતાનો ગોળ આપનાર ગાંધીજીને દેશવાસીઓ ગાળો ભાંડવાનું પણ ચૂકતા નથી, અને રામરાજ્ય જેમનું સ્વપ્ન હતું એ રામરાજ્ય ગાંધીજીને કારણે જ થતા થતા અટકી ગયું, એવું પણ કહેનારા છે. કેટલાય લોકો તો પુરાવા સાથે જણાવે છે કે, આ આ જગ્યાએ તેમણે કરેલી ભૂલ નું પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. પરંતુ ભૂતકાળમાં ઘટેલી કોઈપણ ઘટનાને આપણે આજે એ રીતે વખોડી શકીએ નહીં. હમણાં એક લેખમાં સંવિધાનમાં ઈન્ડિયા શબ્દ કાઢીને ભારત કરવાની ચળવળ ચાલી રહી છે, એ સંદર્ભે લેખ લખાયો, ત્યારે કોઈએ કહ્યું હતું કે ઈન્ડિયન એટલે આદિવાસી, એવો અંગ્રેજોનો સ્પષ્ટ મત હતો, અને એ વાત સાચી પણ છે. કારણ કે આજથી ૮૦ વર્ષ પહેલાં માત્ર ભારતીયને નહીં પરંતુ સમગ્ર એશિયનને ગવાર અને આદિવાસી તરીકે ઓળખવામાં આવતા હતાં, અને એની માટેનું મુખ્ય કારણ આપણા પ્રદેશોની ભૌગોલિકતાને કારણે મળેલો આપણો શ્યામ વર્ણ હતો. તેથી જ તો રંગભેદની નીતિ માટે ગાંધીજીએ આફ્રિકામાં પણ રાજકીય ચળવળ ચલાવી હતી. એવા ભયંકર વિરોધાભાસી સમયમાં પણ ગોળમેજી પરિષદમાં કોઈ ભારતીય બોલતા હોય અને પિન ડ્રોપ સાઈલેન્ટથી બાકીના સાંભળતા હોય, તો એ વ્યક્તિને સેલ્યુટ કરવાનું જરૂર મન થાય, અને એવા જ હતાં આપણા ગાંધીજી કે જેને આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ સાબરમતીના સંત કહ્યા છે.


આમ તો એટલું શુદ્ધ ચરિત્ર છે કે આપણે તો એનાં વિશે શું લખીએ! પણ ઘણા ખરા ને ૧૫ મી ઓગસ્ટ, ૨૬ જાન્યુઆરી, અને બીજી ઓક્ટોબર, કે પછી ૩૦ જાન્યુઆરીએ એ યાદ આવે છે. ખરેખર એ અત્યંત દુઃખની વાત છે, ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં આટલા વર્ષો પહેલા ઉજાગર કરનાર, એ વીર પુરુષને શત શત નમન કરવા ઘટે. આપણે તેના જીવન ચરિત્ર વિશે લખી શકીએ એટલી કદાચ ઓકાત નથી. પરંતુ તેના ગુણોને યાદ કર્યા વગર પણ કેમ ચાલે! બેરિસ્ટર સુધીનો અભ્યાસ કર્યો, કસ્તુરબા સાથે ગૃહસ્થીની શરૂઆત કરી, ઓસ્ટ્રેલિયામાં રહેણાંક કરી, અને ત્યાં આગળ રંગભેદની નીતિ ને કારણે જે અન્યાય થતો હતો, તેના પર અવાજ ઉઠાવ્યો, અને સ્વદેશ પાછા ફર્યા. ત્યારની ભારતીય સંસ્કૃતિ અને તેની આર્થિક સંપન્નતા ખૂબ સારી હતી, ભારતમાં પણ અન્ય વિદેશીઓનું શાસન હતું. આ બધું જ તેમનાથી જોવાયું નહીં, અને સ્વતંત્રતાની ચળવળ શરૂ કરી. સાદગીને, સ્વચ્છતા પર ખુબ જ ભાર મુકતા, તો વણિક પરિવારમાં જન્મ હોવાથી, સત્ય ને અહીંસા ગળથૂથીમાં મળ્યા હતા. જીવન પર્યંત જીવન ધોરણમાં કોઈ સમાધાન કર્યું નહીં, એટલે કે સત્ય અને અહિંસા ને ક્યારેય પણ છોડ્યા નહીં. ત્યારના સમાજમાં ક્રાંતિકારીઓ પણ બહુ થયા, તે પોતાની રીતથી દેશને આઝાદ કરવા માંગતા હતા. પરંતુ ગાંધીજીની નમ્ર અપીલ હતી, કે અહિંસા પરમો ધર્મ, એટલે કે હિંસાથી કોઈ વસ્તુ પ્રાપ્ત થતી નથી, અને કદાચ કોઈ વસ્તુ પ્રાપ્ત થાય છે, તો પણ તેનો પૂર્ણતઃ આનંદ આપણે લઈ શકતા નથી. તેમના અથાક પ્રયત્નો એટલે કે, અસહકારની લડત, મીઠાનો સત્યાગ્રહ, વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, તેમજ સ્વદેશી વસ્તુઓ નો આગ્રહ, ખાદી જેવા ગૃહ ઉદ્યોગ ને પ્રોત્સાહન, વગેરે જેવી અનેક લડત ને પરિણામે દેશ સ્વતંત્ર થયો, ગાંધીજી ઉપરાંત અન્ય મહાપુરુષોનું પણ તેમાં યોગદાન રહ્યું પરંતુ, હિંદ છોડો ની હાંક મારનાર તો તે સર્વ પ્રથમ ગુજરાતી હતા.

અગિયાર મહાવ્રત ની વાત જન માનસમાં અંકિત કરનાર અને જીવન પર્યંત અહિંસાની પૂજા કરનાર અથવા તો જેને આપણે અહિંસાના પૂજારી એવું બિરુદ આપ્યું છે, તેનું મૃત્યુ હત્યાથી થયું, એટલે કે હિંસાથી થયું. કેટલા દુઃખની વાત છે કે તેમણે જીવન આખું લોકોને અહિંસા વિશે સમજાવ્યુ, પણ આપણા સમાજની એક વ્યક્તિ તેની આ રીતે હત્યા કરે છે. એક દાયકો જો હજી તે જીવ્યા હોત તો આજના આ ભારત એટલે કે હિન્દુસ્તાનની સ્થિતિ કંઈક જુદી જ હોત.

સાંપ્રત સમયમાં ગાંધી મુલ્યો નુ જતન થાય તો બહુ સારું પરિણામ મળે.સામાન્ય રીતે કોઈને મારવું કે હત્યા કરવી તેને હિંસા કહેવાય છે. માનવીય માનસિકતામાં વિકૃતિ આવે એટલે આ ભાવ જન્મે. છીનવી લેવું, અને ન મળે તો તેની હત્યા કરવી, કે તેને હેરાન કરવા એ હિંસાના મૂળમાં પડેલો મૂળ સંસ્કાર છે. અને આજના સમાજમાં આ ચારે કોર દેખાઈ રહ્યો છે. જીવન ધોરણ માંથી સાદગી જતી રહેતા, પોતાને જોઈતી વસ્તુઓ ન મળે, ત્યારે સામાન્ય રીતે લોકો હિંસાનો માર્ગ અપનાવતા હોય છે. અને ગમે તે રીતે પોતાને જોઈતી વસ્તુ પ્રાપ્ત કરતા હોય છે. તેઓના જીવનમાં પોતાના જીવન નું કોઈ મૂલ્યાંકન જેમણે ના કર્યું હોય, તે આ રીતે આડેધડ જીવે છે. સાંભળીને પણ અરેરાટી થાય તેવી હિંસાત્મક ઘટનાઓ આજના સમાજમાં ઘટતી હોય છે. છાશવારે છાપાઓના મુખ્ય સમાચારમાં આજ હેડલાઈન હોય છે, અને આમ જુઓ તો લોકોને હવે તે બધું કોઠે પડી ગયું હોય તેવું લાગે છે. સંવેદના નું સ્થાન જ્યારે સ્વાર્થ લઈ લે, ત્યારે આવું થતું હોય છે. ટૂંકમાં કહીએ તો મારા ઘર સુધી ન આવે, ત્યાં સુધી મારે શું પંચાત! એમ કરી દરેક જણ તે તરફ આંખ આડા કાન કરે છે. આની કરતા તો, પહેલાના ડાકુઓ અને બહારવટિયાઓ પણ સારા હતા. આજે તો શિક્ષિત લોકો પણ હિંસાનો માર્ગ અપનાવતા જોવા મળે છે, ત્યારે વિચાર આવે કે તેમની વૈચારિકતા નું શું મૂલ્ય કરવું? કોઈની પાસે કોઈ વસ્તુ છે, અને મને તે ગમે છે, તો સીધું છીનવી લેવું, અને મારી નાખવું. કોઈ કોઈ વાર તો હત્યાનું કારણ એટલું નાનું હોય છે, કે આપણને એમ થઈ જાય કે, માણસ આટલી હદે જઈ શકે?

અહિંસાનો સામાન્ય અર્થ એટલે હિંસા ન કરવી, એટલે કે મારામારી કે હત્યા સુધી ન જવું, અને આપણે ત્યાં એટલે જ ભાઈચારાની ભાવના હતી. દરેક ધર્મો પોતપોતાની રીતે પોતાના ધર્મને મહત્વ આપતા, પરંતુ અન્ય ધર્મનું અપમાન ક્યારેય કરતા નહીં. સર્વ ધર્મ પ્રાર્થનાની શરૂઆત પણ ગાંધીબાપુએ કરી. ગાંધીજી પૂર્ણ વૈષ્ણવ હતા, નરસિંહ મહેતાનું વૈષ્ણવ જન, તેમનું પ્રિય ભજન રહ્યું. રઘુપતિ રાઘવ રાજારામ એ ધૂન તેઓ કાયમ પ્રાર્થનામાં બોલાવતા, હરિસ્મરણથી આંતરિક ભાવમાં દૂષણ પ્રવેશતું નથી, તેવું તેમનું દ્રઢ માનવું હતું. આજે એ સંસ્કારનું મુલ્યાંકન ઘસાતું જાય છે. કોઈને ચરિત્રમાં રસ નથી, બધાને પોતાનું સામાજિક ચિત્ર ઉપસાવવું છે, એટલે કે પાયા વગરની પ્રતિષ્ઠા મેળવવી છે.

અહિંસાનો સૂક્ષ્મ અર્થ તો એટલે સુધી છે, કે આપણી વાણીથી પણ જો કોઈને દુઃખ થાય, તો તે હિંસા છે. આજે તો જ્યાં હોય ત્યાં વાણી વિચાર અને વર્તનમાં હિંસા હિંસા અને હિંસા જ દેખાય છે. નથી કોઈ બોલતા પહેલા વિચારતું, કે નથી કોઈ ગમે તેટલો ઘાતક વિચાર આવ્યો હોય, તો તેને વ્યવહારમાં મુકતા અચકાતું, કે વ્યવહાર કર્યા પછી એને વિશે નથી કોઈ ને પસ્તાવાની લાગણી થતી. અહિંસાના મહાન ગુણનું પતન થતુ જોઈ ચૂપ પણ કેમ રહેવું! આજે આપણે સૌ એટલે કે બીજી ઓક્ટોબરે, આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીને જો કોઈ શ્રદ્ધાંજલિ આપવા માગતા હોઈએ, તો ફરીથી તેમના ગુણો ઉજાગર થાય તેવું ચરિત્ર નિર્માણ કરીએ, એવો એક શુદ્ધ સંકલ્પ કરીએ, સ્વચ્છતા અને સાદગીની પણ આજના સમાજને બહુ જ જરૂર છે, તો તેને વિષે પણ મનોમંથન કરી એ ગુણ અપનાવીએ. સૌ પોતાની જરૂરિયાત પર કાપ મૂકી, આપણા સમાજના પીડિત લોકોની સેવા કરવાનો સંકલ્પ કરીએ, પોતાનું કામ પોતે કરવું એવું મનોબળ કેળવીએ, નાના-મોટા એટલે કે સામાજિક જે વર્ગ છે, તેમાં સૌને આદર આપીએ, અને હિંસા અને અહિંસા વચ્ચેના સૂક્ષ્મ અર્થને જાણી, સૌ પ્રત્યે પ્રેમ ભાવ કેળવીએ, તો આ સાચી શ્રદ્ધાંજલિ થશે. જેણે આપણને આ સ્વતંત્રતાનો શ્વાસ લેવાની તક આપી.



# જી-૨૦ ભારત માટે મોટો અવસર

દિલ્હીમાં જી-૨૦ની તડામાર તૈયારીઓ થઈ રહી છે. આખી દુનિયાની નજરો નવી દિલ્હી તરફ છે. જ્યારે પણ આ પ્રકારનું કોઈ મોટું આયોજન થાય છે, જેમાં મોટા મોટા નેતા આવે છે તો યજમાન દેશની જવાબદારી વધી જાય છે. તેમની સુરક્ષા, વગેરેનું ધ્યાન રાખવું પડે છે, જેનાથી સ્થાનિક લોકોને થોડી અસુવિધા પણ થાય છે. તેથી આપણા વડાપ્રધાને પહેલાં જ મહેમાનોના સ્વાગતને કારણે થનારી અસુવિધા માટે ખેદ વ્યક્ત કર્યો છે. આ પ્રકારનું જ્યારે કોઈ મોટું આયોજન થાય છે તો યજમાન દેશ પાસે દુનિયાને પોતાની ક્ષમતા દેખાડવાનો અવસર મળે છે. ભારત ન માત્ર આર્થિક બાબતોમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે, બલ્કે બુનિયાદી માળખા મામલે ઘણો વિકાસ કરી રહ્યું છે. આ અવસર પર આપણે સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક ક્ષમતાની સાથે સાથે પોતાની સાંસ્કૃતિક ક્ષમતાનું પણ પ્રદર્શન કરી શકીએ છીએ. વિકસિત દેશો ઉપરાંત ગ્લોબલ સાઉથના જે દેશ આ અવસરે ભારત આવશે, તેઓ પણ એ જોઈને પ્રેરિત થશે કે ભારત જેવો મોટી જનસંખ્યાવાળો વિકાસશીલ દેશ, જે તેમની જેમ મુશ્કેલીઓમાંથી ઉગરીને આગળ આવ્યો છે, આજે કઈ રીતે વૈશ્વિક મંચ પર વિકસિત દેશ સાથે હોડ કરી રહ્યો છે. એનાથી વિકસિત દેશોમાં આગળ રોકાણમાં વધુ મદદ મળી શકે છે. બીજું, એનાથી બાકી દેશોમાં બજાર પણ મળી શકે છે. ભારત જે રીતે આત્મનિર્ભરતા પર અને નવી ટેકનિકના વિકાસ પર ભાર મૂકી રહ્યું છે, રોકાણ માટે બીજા દેશોને આમંત્રિત કરી રહ્યું છે, તેમાં પણ ફાયદો મળશે. ચીનને લઈને કેટલાય દેશોમાં થોડીઘણી નકારાત્મકતા જે રીતે ફેલાઈ છે, તેનો લાભ પણ ભારત જી-૨૦ની બેઠકથી ઉઠાવી શકે છે. જી-૨૦ની અધ્યક્ષતા વીસ વર્ષોના અંતરાલ પર મળે છે. આના પહેલાં ૨૦૦૩માં પણ ભારતે જી-૨૦ની અધ્યક્ષતા કરી હતી. કેટલાય અર્થમાં તો ૨૦૦૩ અને હવેનો સમય ભારત માટે એક જેવો જ દેખાય છે. એ સમયે ‘શાઈનિંગ ઈન્ડિયા’નું અભિયાન ચાલી રહ્યું હતું અને ભારત અમેરિકા સાથે રણનીતિક ભાગીદારીની તૈયારી કરી રહ્યું હતું, જ્યારે એના પહેલાં અમેરિકા અને કેટલાક અન્ય પશ્ચિમી દેશોએ આપણા પરમાણુ કાર્યક્રમને લઈને કેટલાય પ્રકારના પ્રતિબંધો લગાવ્યા હતા, જે હટાવવામાં આવી રહ્યા હતા. આપણી અર્થવ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી હતી અને આગામી વર્ષ ૨૦૦૪માં થનારી લોકસભા ચૂંટણીની ગરમાગરમી શરૂ થઈ ગઈ હતી. લગભગ આવી જ સ્થિતિ આજે પણ છે. થોડા સમય પહેલાં કોવિડને કારણે ભારત સહિત દુનિયાભરની અર્થવ્યવસ્થાઓને ઝાટકો લાગ્યો હતો, જેમાં ભારત ઝડપથી ઉગરી ગયું છે અને આપણી અર્થવ્યવસ્થા સૌથી ઝડપથી આગળ વધી રહી છે. એમાં અંતર એટલું છે કે આંતરરાષ્ટ્રીય જગતમાં ભારતનું કદ પહેલાં કરતાં વધારે વધ્યું છે. કોવિડ મહામારી દરમ્યાન વેક્સીન ડિપ્લોમસી દ્વારા ભારતે આખા વિશ્વમાં, ખાસ કરીને આફ્રિકા, લેટિન અમેરિકા અને પોતાના પડોશી દેશો સાથે સદ્ભાવના મેળવી, જે સારી વાત છે. જોકે આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાનું કદ વધારવાની શરૂઆત ૨૦૦૩માં જ શરૂ થઈ ચૂકી હતી, પરંતુ વ્યાવહારિક સ્તર પર તેના માટે એટલા વધારે પગલાં નહોતાં ભરાયાં. ડિસેમ્બર, ૨૦૦૩માં સુનામી આવતાં ભારતે પ્રભાવિત દેશોની મદદ શરૂ કરી હતી. કોવિડ સમયે પણ બીજા દેશોની ભારતે ઘણી મદદ કરી હતી. હાલના દિવસોમાં અંતરિક્ષ વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતે જે રીતે સફળતા હાંસલ કરી છે, તેનાથી પમ દુનિયાભરમાં ભારતની ક્ષમતાનો ડંકો વાગ્યો છે. ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ને સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ કરાવનાર પહેલો દેશ બની ગયો છે. હાલમાં જ ભારતે આદિત્ય એલ-૧ લોન્ચ કર્યું છે. તે ઉપરાંત ભારતે સોલર એલાયન્સના મુખ્યાલય માટે પાંચ એકર જમીન આપી છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે નિર્ધારિત લ-યની દિશામાં ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. આ બધી નવી ચીજો છે. કોવિડ મહામારી અને યુક્રેન યુદ્ધ બાદ યુરોપની અર્થવ્યવસ્થા ઘણી કથળી ગઈ છે. કેટલાક દેશ પહેલાં જ મંદીમાં ફસાઈ ગયા છે અને કેટલાક મંદીમાં સરવાના આરે છે. અમેરિકાની સ્થિતિ યુરોપથી બહેતર છે, પરંતુ ત્યાં પણ ઘણી મુશ્કેલીઓ છે. ચીનની સ્થિતિ કંઈક વધુ જ ડામાડોળ દેખાઈ રહી છે. એક તો કોવિડ બાદ હાલમાં જ તેમણે પોતાની અર્થવ્યવસ્થાને ફરીથી ખોલી છે, તેથી હજુ પણ તે સંપૂર્ણ રીતે મહામારીની અસરથી ઉગરી નથી શક્યું.


## તરુણાવસ્થાએ ઈમોશનલ ઈજાઓનું ઈનસાઈડ આઉટ



એક તરુણીની એકલતા, યાદો, પીડા, પ્રતિભા, આવડત, ઈર્ષ્યા અને ગંભીર ગીલ્ટના અવકાશમાં ગોથા ખાતી જાત અને લાગણીઓના અતિરેક થકી પહોંચાડાતી ઈમોશનલ ઈજાઓને દૂર કરવા શું કરી શકાય?? સ્નેહાએ ડિમ્પી-વિહા વચ્ચેના વર્ણવેલા આખા ઘટનાક્રમને ધ્યાનથી સાંભળ્યા બાદ સુરભી વિચારી રહી. કાશ! આ બાળકોને ઈનસાઈડ આઉટ જેવી વાત કહેવામાં આવી હોત કે મુવીઝ બતાવવામાં આવ્યા હોત!! એને થયું ચાલો જાગ્યા ત્યારથી સવાર, બીજા જ દિવસે વિહાને મુવી નાઈટ માટે આમંત્રણ આપી સુરભીએ તેની સાથે બેસી એ ફિલ્મ જોવાનું નક્કી કર્યું કારણકે ઈનસાઈડ આઉટ એ ટીનએઈજ દિમાગમાં ચાલતું એક્શન, રીએક્શન અને ઈમોશન્સનું મિકેનિઝમ બતાવતી વાત છે. એક અગિયાર વર્ષની બાળકીના મગજમાં ચાલી રહેલી લાગણીઓની ધીંગામસ્તીની એ વાર્તાએ ફિલ્મ પૂરી થયા બાદ પણ વિહાના મનને એવું તો જકડી રાખ્યું કે કોઈ કોમ્પ્યુટર એનીમેશન તેને આટલું બધું ગમી જશે એવો ખ્યાલ જ ના રહ્યો. વિહાને રસ પડતો જોઈને સુરભીએ આગળ ચલાવ્યું કે વર્ષ ૨૦૦૯ આસપાસ પીટ ડોક્ટેર નામના એક વ્યક્તિના મનમાં પોતાની નાનકડી દિકરીના વર્તન અને વ્યક્તિત્વમાં આવી રહેલા બદલાવો જોઈ આ વાર્તાએ આકાર લીધેલો. બસ, ખત્મ વિહાને થયું કે પોતાને જે જાણવા ને માણવા મળ્યું છે એ બધું જ તેના ફ્રેન્ડ્સને પણ મળવું જોઈએ. તેણીએ રીતસર સોસાયટીના ઑડિટોરિયમમાં લગભગ અડધી સ્કુલ માટે એક ખાસ શો ગોઠવી કાઢ્યો. સુરભી માટે ઈમોશનલ ઈજાઓને સમજાવવાનો આનાથી સરળ રસ્તો આમ પણ બીજો કોઈ નીકળી શકે એમ નહોતો. ડિમ્પી વિહા વચ્ચેના ઈમોશનલ આઉટબ્રેક જોયા પછી સ્નેહાએ સ્કુલમાં રજુઆત કરવાના બદલે વ્યવસાયે ચાઈલ્ડ એન્ડ વુમન કાઉન્સેલર એવી તેણીની ખાસ દોસ્ત સુરભીની મદદ લેવાનું નકકી કરેલું એ અંતે જાણે લેખે લાગ્યું. સુરભીએ ફિલ્મ શરુ કરતાં પહેલા તેઓને તેની વાર્તાનો ટૂંકો પરિચય આપવો જરુરી સમજ્યો અને વાત શરુ કરી..''એક ટીનએજર છોકરી નામે રાયલીના દિમાગમાં અમુક બેઝિક ઈમોશન્સનો કાયમી વસવાટ છે જે તેણી દ્વારા કોઈપણ પરિસ્થિતિ સામે અપાતી પ્રતિક્રિયા એટલેકે, રીએકશન માટે જવાબદાર છે. જોય, સેડનેસ, ફીઅર, ડીસ્ગસ્ટ, એંગર એટલેકે, ખુશી, ઉદાસી, ડર, ઘૃણા તેમજ ક્રોધ.

## જો એક મહિના સુધી બટાટા ન ખાઈએ તો, શરીરમાં આટલા ફેરફાર જોવા મળશે

જો તમે બટાકાને ડીપ ફ્રાય કરો તો તે બિનઆરોગ્યપ્રદ બની જાય છે. એટલા માટે ફ્રેન્ચ ફ્રાય બિનઆરોગ્યપ્રદ બટેટા બની જાય છે અને તે ઘણા રોગોનું કારણ બની શકે છે. જો તમે બટાકાને હેલ્ધી રીતે ખાવા માંગો છો, તો તેને બાફીને રાંધો અથવા તેને શેકી લો. થોડા કે ઓછા તળવાથી પણ તેનું પોષક મૂલ્ય નાશ પામતું નથી. બટાકામાં સારી માત્રામાં ફાઈબર હોય છે, જે પાચન તંત્ર માટે જરૂરી છે. જો તમે તેને ન ખાઓ તો તમારી પાચનતંત્ર પર વિપરીત અસર થઈ શકે છે અને કબજિયાત અને અપચો જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. તેનાથી બચવા માટે તમે ફાઈબરથી ભરપૂર અન્ય વસ્તુઓ ખાઈ શકો છો. બટાકા ખાવાથી વજન વધે છે? જવાબ એક જ છે. જો તમે બટાકાને યોગ્ય રીતે રાંધો છો અને તેના પોષણ મૂલ્યનો નાશ થતો નથી, તો તેનાથી તમારું વજન વધતું નથી. હા, વધુ પડતું ખાવાથી વજન વધી શકે છે.



બટાકા ખાવાથી આપણા શરીરને એનર્જી મળે છે. બટાકામાં પૂરતી માત્રામાં કાર્બોહાઈડ્રેટ હોય છે, જે ઈન્સ્ટન્ટ એનર્જી ઉત્પન્ન કરે છે અને તે મન અને શરીર માટે ખૂબ જ જરૂરી છે. વ્યાયામ કરતા લોકોને વધુ કાર્બોહાઈડ્રેટ્સની જરૂર હોય છે. તો સાથોસાથ સારી પાચન શક્તિ માટે કાર્બોહાઈડ્રેટ પણ જરૂરી છે. બટેટાને શાકભાજીનો રાજા કહેવામાં આવે છે, કારણ કે તેને લગભગ તમામ પ્રકારની શાકભાજી સાથે મિક્સ કરીને ખાઈ શકાય છે, તે આપણા રોજિંદા આહારનો એક મહત્વપૂર્ણ ભાગ છે. બટાકામાં ઘણા પ્રકારના જરૂરી પોષક તત્વો મળી આવે છે જે સ્વાસ્થ્ય માટે અગણિત ફાયદા આપે છે. બટાકાને ઘણી સ્વાદિષ્ટ રીતે રાંધીને ખાવામાં આવે છે જેના કારણે આપણે તેનો મોહ છોડી શકતા નથી, પરંતુ શું તમે વિચાર્યું છે કે જો કોઈ વ્યક્તિ એક મહિના સુધી બટેટા ન ખાય તો તેના સ્વાસ્થ્ય પર શું અસર પડશે. ચાલો તમને જણાવીએ. બટાટાને કાર્બોહાઈડ્રેટ્સ, પોટેશિયમ, વિટામિનસી, વિટામિન બી૬, ફાઈબર અને ઘણા ખનિજોનો સમૃદ્ધ સ્રોત માનવામાં આવે છે. જો તમે એક મહિના સુધી બટેટા ન ખાતા હો, તો આ પોષક તત્વોની ઉણપ થઈ શકે છે. શું રોજ બટાટા ખાવાથી નુકસાન થાય છે? નિષ્ણાતોના મતે જો બટાકાને હેલ્ધી રીતે રાંધવામાં આવે તો તેમાં કોઈ નુકસાન નથી થતું. તેને રોજ ખાવાથી બ્લડપ્રેશર કંટ્રોલમાં રહે છે. તેમાં હાજર ફાઈબર અને પોટેશિયમ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

## વધારે પડતું મીઠું ખાતા લોકો ચેતી જજો, શરીરને કરે છે ભયંકર નુકશાન

રોજબરોજના ખોરાકમાં ઉપયોગમાં લેવાતા મીઠાનું વધારે પડતું સેવન મોટાભાગે પ્રોસેસ્ડ, પેકેજ્ડ ખાદ્ય પદાર્થોમાં આવે છે. એટલું જ નહીં ઘરમાં બનેલા ખાદ્ય પદાર્થોમાં પણ ઘણી વખત ઉપરથી વધુ મીઠું ભભરાવીને ખાવાની ટેવ હોય છે. જેમકે, સલાડ, પાપડ, અથાણાં, તળેલી વસ્તુઓ, ચટણી, વગેરે પર નાખીને લોકો ખાતા હોય છે. જેને ટાળવું જોઈએ. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સર્વેક્ષણ મુજબ ભારતમાં રહેતા લોકોએ મીઠું ખાવાનું ટાળવું જોઈએ.ભારતમાં લોકો રોજ ડબ્લ્યુએચઓ દ્વારા નક્કી કરવામાં આવેલી માત્રાથી વધારે મીઠું ખાઈ રહ્યા છે. એક માપદંડ પ્રમાણે લોકો દિવસનું ૫ ગ્રામ મીઠું વ્યક્તિ લઈ શકે છે. પરંતુ હાલ લોકો ૫ ગ્રામના બદલે ૮ ગ્રામ મીઠું આરોગે છે. મીઠું એક એવી ખાદ્ય ચીજ છે, જેના વગર ભોજનમાં સ્વાદ નથી આવતો. જો કે, વધારે મીઠું ખાવાથી આપણા શરીર માટે હાનિકારક



બની શકે છે. ખરેખર, મીઠામાં સોડિયમની માત્રા જોવા મળે છે. મીઠામાં જોવા મળતું આ મુખ્ય સંયોજન છે. આ કારણે, મીઠું મર્યાદિત માત્રામાં લેવું જોઈએ. વધારે મીઠું ખાવાથી સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. જ્યારે આપણે જંક ફૂડનો વધુ ઉપયોગ કરીએ છીએ, ત્યારે મીઠાની સાથે આપણે વધુ કેલરી પણ લઈએ છીએ. આજના સમયમાં જ્યારે શારીરિ શ્રમ નહિવત છે, આપણું શરીર વધુ કેલરી બર્ન કરવામાં અસમર્થ છે. આ સ્થૂળતાની સમસ્યા વધારે છે. સ્થૂળતાને કારણે શરીરમાં અનેક રોગો વધવા લાગે છે. સોડિયમના વધુ પડતા સેવનને કારણે લોકોને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાઓ થવા લાગે છે. મીઠાના વધુ પડતા સેવનને કારણે કિડની સંબંધિત સમસ્યાઓ શરૂ થાય છે. ભલે સોડિયમ હૃદય અને કોશિકાઓની કામગીરી માટે જરૂરી હોય, પરંતુ તેનું વધુ પડતું સેવન શરીરને નુકસાન પહોંચાડે છે. આ શરીરના પેશીઓમાં સોજાનું કારણ બને છે. હૃદય અને કોશિકાઓના કાર્ય માટે સોડિયમ આવશ્યક છે, પરંતુ મીઠું એક દિવસમાં મર્યાદિત માત્રામાં લેવું જોઈએ. વધુ પડતા મીઠાનું સેવન કરવાથી વોટર રિટેંશનની સમસ્યા વધી જાય છે.

આ કારણથી વ્યક્તિને વારંવાર તરસ લાગે છે. તમને જણાવી દઈએ કે વ્યક્તિએ દિવસમાં ૨૩૦૦ મિલિગ્રામથી ઓછું સોડિયમ લેવું જોઈએ. જે લોકોને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા હોય તેમણે સોડિયમનું પ્રમાણ પણ ઓછું લેવું જોઈએ.

## નિષ્ફળતાને પચાવી જાણવી એ જ ખરી સફળતા છે




પૈસા, પાવર અને પોઝિશનમાં અવ્વલ હોય. પબ્લિક એવી વ્યક્તિઓને ફોલો કરતી હોય. જેની એક ઝલક જોવા માટે લોકો કલાકો સુધી રાહ જોતા હોય. જેના શબ્દો પબ્લિક ઉપર હિપ્નોટીઝમ જેવી અસર ઉપજાવતા હોય. સાત પેઢી ખાય તોય ન ખૂટે એવી પરિસ્થિતિ હોય. સફળતાને આપણે બીજાના આધારે મુલવીએ છીએ. સામેવાળાની દ્રષ્ટિએ જો આપણે સફળતાની વ્યાખ્યામાં આવતા હોઈએ તો જ આપણે સફળ છીએ એવું માની લેવામાં આવે છે. પરંતુ પોતાની જાતને ક્યારેય પૂછ્યું કે એને પોતાના જીવનથી કેટલો સંતોષ છે? પ્રશ્ન એ થાય કે ખરેખર માણસની સફળતા આ છે? પૈસા, પાવર અને પોઝિશન જ જો ખરી સફળતા હોય તો એ લોકો ઊંઘની ગોળીઓ ન લેતાં હોત. ડિપ્રેશન કે અન્ય રોગનો શિકાર ન બનતાં હોત. એમની વર્તણૂકમાં અમીરીનો પાવર ન છલકાતો હોત. માન્યું કે કેટલાક અંશે વ્યક્તિનું સોશ્યલ સ્ટેટસ એની સફળતા પ્રદર્શિત કરે છે. પરંતુ એનાથી અંજાઈને આપણે સામાન્ય માણસની કેટલીક બાબતોને ઈગ્નોર ન કરી શકીએ જે સફળતાને સૂચિત કરે છે. આપણું બેંકબેલેન્સ નહીં, પણ એ બેંકબેલેન્સનો યોગ્ય માણસ માટે કરેલો વપરાશ એ આપણી સફળતા છે. આપણું સ્ટેટસ જોઈને અહોભાવ વ્યક્ત કરનારો માણસ નહીં, પણ આપણું સ્ટેટસ જાણ્યા વગર છૂટથી વર્તન કરી શકતો માણસ એ આપણી સફળતા છે. આપણી પાસે રહેલો પાવર નહીં, પણ એ પાવરનો જરૂરિયાતમંદ માટે કરેલો ઉપયોગ એ આપણી સફળતા છે. આપણને ફોલો કરતી ઓડિયન્સ નહીં, પણ અડધી રાતે જરૂર પડ્યે ઉપસ્થિત રહેતાં મિત્રો એ આપણી ખરી સફળતા છે. રસ્તે મળતાં દરેક જણ સાથે ખડખડાટ હસી શકવું એ સફળતા છે. નાનામાં નાના માણસ સાથે જમીન પર પલાંઠી વાળીને બેસી એના ટિફિનનું જમી શકવું એ ખરી સફળતા છે. આપણાથી બુદ્ધિમાન લોકોની પ્રશંસા કરી શકવી એ સફળતા છે. કુદરતનો ભરપૂર લ્હાવો માણી શકતાં હોય તો એ સફળતા છે. અરે પથારીમાં પડતાની સાથે જ ઘસઘસાટ ઊંઘ આવી જવી એ ખરી સફળતા છે. ભીખ માંગતા ભિખારી કે અશક્ત વ્યક્તિ સાથે સહાનુભૂતિથી વર્તવું એ સફળતા છે. વૃદ્ધજન સાથે અડધો કલાક મસ્ત ગપ્પા મારવા અને બાળક સાથે મન ભરીને રમી શકવું એ સફળતા છે. પથ્થરના ટેકે માથું ટેકવીને ભવિષ્યની ચિંતા વગર સૂઈ શકાતું હોય તો એ સફળતા છે. આપણા મિત્રો કે સ્નેહીજનોની પ્રગતિ જોઈને હૈયે ટાઢક પ્રસરતી હોય તો એ સફળતા છે. ભૂખ્યા માણસને પેટભરી જમાડીને એનો આનંદ લઈ શકાતો હોય તો એ સફળતા છે. અરે હૈયે બાજેલ ડૂમાંને પ્રિયજનના ખભે વહેતો મૂકી દેવો એ સફળતા છે. આપણી ગેરહાજરીમાં આપણી ખોટ વર્તાય તો એ સફળતા છે. કોઈના મોઢેથી નીકળતા અપ્રિય શબ્દો સાંભળીને પચાવી લેવા એ સફળતા છે. તકલીફના સમયે આપણી બાજુ લંબાતા હાથ એ આપણી સફળતા છે.

BOLLYWOOD NEWS FLASH

## એનિમલ ફિલ્મનું ટીઝર જોઈ લોકોના ઉડી ગયા હોશ

। મુંબઈ, તા.૧ ।

બોલીવુડ એક્ટર રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'ની એક ઝલક જોવા માટે લોકો ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ ૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. તેવામાં ફિલ્મના મેકર્સે દ્વારા આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું.



ફિલ્મ એનિમલમાં રણબીર કપૂરની સ્ટાઈલ અને તેનો લુક જોઈને તેના ફેન્સ ખૂબ જ ખુશ થઈ ગયા છે. સંદીપ વાંગા રેડ્ડીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'એનિમલ'માં રણબીર કપૂર ઉપરાંત રશ્મિકા મંદન્ના, અનિલ કપૂર અને બોબી દેઓલ પણ મહત્વની ભૂમિકામાં છે. રણબીર કપૂરની ફિલ્મ 'એનિમલ'નું ટીઝર તેના બર્થડે પર રિલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મ 'એનિમલ'ના ટીઝરની શરૂઆતમાં રણબીર કપૂર એકદમ નિર્દોષ દેખાય છે અને પછી થોડીવારમાં તેની ખતરનાક સ્ટાઈલમાં એન્ટ્રી થાય છે. ટીઝરમાં અનિલ કપૂર અને બોબી દેઓલના કેરેક્ટરથી પણ લોકો પ્રભાવિત થયા છે. ફિલ્મમાં રશ્મિકા મંદન્ના પણ જોવા મળશે.

## વિજય દેવરકોંડા અને રશ્મિકા ડેટિંગ કરતાં હોવાનો સંકેત




। મુંબઈ, તા.૧ ।

વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના વચ્ચે ગાઢ દોસ્તી છે. થોડા મહિનાઓથી તો તેઓ ડેટિંગ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. એટલું જ નહીં લોકો તો એમ પણ કહી રહ્યા છે કે, આ યુગલ હાલ લિવઈન રિલેશનશિપમાં રહે છે. જોકે આ સઘળી બાબતોના કોઈ પુરાવાઓ નથી, ફક્ત અટકળો પર જ વાત ચગી રહી છે.હાલમાં જ રશ્મિકા મંદાનાની આવનારી ફિલ્મનું ટીઝર રિલીઝ થતાં જ વિજય દેવરકોંડાએ તેને સોશયલ મીડિયા પર શુભેચ્છા આપી હતી. વિજય દેવરકોંડાએ એક્સ એટલે કે પહેલા ટ્વિટર તરીકે જાણીતા, પર પ્રિય રશ્મિકા, દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા અને રણબીર કપૂરને સુભેચ્છાઓ આપી હતી. આ પછી તેણે આ જ ટ્વીટમાં રશ્મિકાને જન્મદિવસની શુભકામનાઓ આપી હતી. સાથે તેણે લખ્યું હતું કે, મેરે પ્રિયો ઔર મેરે પસંદીદા આરકે કો જન્મદિનની હાર્દિક શુભકામનાઓ.તેમજ તેણે એક દિલનુ ઈમોજી પણ સાથે રશ્મિકાએ પણ આ ટ્વીટનો મધુર ઉત્તર આપતાં લખ્યું હતું કે, થેંક્યુઉઉઉઉ દેવરકોંડા, આપ સબસે એચ્છે હો. તેમના આ ટ્વીટ જોઈને તેમના ચાહકોને સ્પષ્ટ થઈ ગયું છે.

## શાહરુખે દિગ્ગજ અભિનેતા રાજ કપુરની બરોબરી કરી

। મુંબઈ, તા.૧ ।

શાહરૂખ ખાનની ફિલ્મ જવાન એક પછી એક નવો ઈતિહાસ રચી રહી છે. આ ફિલ્મ કિંગ ખાન માટે વરદાનથી ઓછી નથી. જવાન ૭ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને રિલીઝના પહેલા દિવસથી જ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ અગાઉ પઠાણે પણ મોટુ કલેક્શન કર્યું હતું. જે બાદ હવે શાહરૂખ ખાનના નામે એક મોટો રેકોર્ડ નોંધાયો છે. આ વર્ષે કિંગ ખાનની બે ફિલ્મો રિલીઝ થઈ છે અને બંને ફિલ્મોએ સૌથી વધુ કમાણી કરનારનો ખિતાબ જીત્યો છે. આ સાથે શાહરૂખ ખાન એવો બીજો અભિનેતા બની ગયો છે જેની એક વર્ષમાં રિલીઝ થયેલી બે ફિલ્મોએ સૌથી વધુ કલેક્શન કર્યું છે. આ પહેલા આ રેકોર્ડ રાજ કપૂરના નામે હતો જેમની બે ફિલ્મો 'બરસાત' અને 'અંદાઝ'એ બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરનારનું બિરુદ નોંધાવ્યું હતું. તમને જણાવી દઈએ કે 'જવાન'એ અત્યાર સુધી ઘરેલુ બોક્સ ઓફિસ પર ૫૮૪.૩૨ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ કલેક્શન પણ ૧૦૪૩.૨૧ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. 'પઠાણ' વિશે વાત કરીએ તો, આ ફિલ્મ આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી, જેણે સ્થાનિક બોક્સ ઓફિસ પર ૫૪૦.૫૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી અને વિશ્વભરમાં ૧૦૪૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ રીતે, શાહરૂખ ખાનની બે ફિલ્મોએ મળીને એક વર્ષમાં વિશ્વભરમાં ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. 'જવાન' અને 'પઠાણ'ના કલેક્શનથી શાહરૂખ ખાન દિવંગત પીઢ અભિનેતા રાજ કપૂરની બરાબરી પર આવી ગયો છે. ૧૯૪૯માં રાજ કપૂરની બે ફિલ્મો 'બરસાત' અને 'અંદાઝ' રિલીઝ થઈ હતી, જેણે એક વર્ષમાં સૌથી વધુ કમાણી કરી હતી. આ રીતે, રાજ કપૂર એક વર્ષમાં બે ઓલ ટાઈમ ગ્રોસર ફિલ્મો આપનાર પ્રથમ અભિનેતા બન્યા. ઉલ્લેખનીય છે કે શાહરૂખ ખાનની ત્રીજી ફિલ્મ ડંકી પણ આ વર્ષે રિલીઝ થવા જઈ રહી છે. રાજકુમાર હિરાણી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ડંકી' ૨૨ ડિસેમ્બરે રિલીઝ થશે અને જો તે પઠાણ અને જવાનની જેમ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુ કમાણી કરશે તો શાહરૂખ ખાન રાજ કપૂરને પાછળ છોડીને એક વર્ષમાં ત્રણ ઓલ ટાઈમ ગ્રોસર ફિલ્મો આપનાર પહેલો અભિનેતા બની જશે.



## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોમાંથી જેઠાલાલે લીધો બ્રેક

। મુંબઈ, તા.૧ ।

ટેલિવિઝન શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' છેલ્લા કેટલાક સમયથી વિવાદોમાં છે. આ વચ્ચે એવી માહિતી મળી રહી છે કે જેઠાલાલનો રોલ નિભાવતા દિલીપ જોશીએ શોમાંથી થોડો સમય બ્રેક લીધો છે. રિપોર્ટ મુજબ દિલીપ જોશીએ હંમેશા શોના શૂટિંગને પ્રાથમિકતા આપી છે, તેથી તેમણે ઘણી ઓછી રજાઓ લીધી છે પરંતુ હવે તેઓ થોડા સમય માટે શોમાં જોવા નહીં મળે. દિલીપ જોશી કામમાંથી બ્રેક મળ્યા બાદ પરિવાર સાથે તાન્ઝાનિયા ગયા છે. તેઓ ધાર્મિક પ્રવાસે છે અને ત્યાંના સ્વામિનારાયણ મંદિરમાં યોજાનારા કાર્યક્રમમાં ભાગ લેશે. દિલીપ જોશી ફેબ્રુઆરીમાં પણ અબુધાબી જશે. જ્યાં **BAPS** સ્વામીનારાયણ મંદિરના સમારોહમાં ભાગ લેશે. દિલીપ જોશી ૨૦૦૮ થી શો સાથે સંકળાયેલા છે જ્યારે આ શોની શરૂઆત થઈ હતી. ૧૫ વર્ષ પછી પણ જેઠાલાલના રોલમાં તેમની



લોકપ્રિયતા હજુ પણ પહેલાં જેવી જ છે. વર્ષોથી ઘણા કલાકારોએ શોને અલવિદા કહ્યું છે. તેમાંથી એક દિશા વાકાણી છે જે દયાબેનના રોલમાં હતા. ૨૦૧૭માં મેટરનીટી બ્રેક બાદ દિશા શોમાં પાછી ફરી ન હતી. તેમના સિવાય શૈલેષ લોઢા, જેનિફર બેનીવાલ મિસ્ત્રી, રાજ અનડકટ જેવા કલાકારોએ પણ છેલ્લા એક વર્ષમાં શો છોડી દીધો છે. હાલમાં જ તારક મહેતાનું પાત્ર ભજવનાર શૈલેષ લોઢાએ નિર્માતા અસિત મોદી પર ઘણા આરોપો લગાવ્યા હતા. એક ઈન્ટરવ્યૂમાં તેમણે શો છોડવાનું કારણ જણાવ્યું હતું. શૈલેષ લોઢાએ જણાવ્યું હતું કે આસિત મોદી તેમની સાથે ખૂબ જ ખરાબ વર્તન કરતા હતા અને તેમની સાથે ખોટા ટોનમાં વાત કરતા હતા. તેમના માટે તેના સ્વાભિમાનની રક્ષા કરવી જરૂરી બની ગઈ તેથી તેમણે આ શો છોડી દીધો. શૈલેષ લોઢાએ એમ પણ કહ્યું હતું.

ધારાસભ્ય મહેશ ભૂરિયા અને મામલતદાર ઝાલાએ પણ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો

# ઝાલોદ તાલુકામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત ભાજપ પરિવાર દ્વારા શ્રમદાન કરી ગાંધીજીને સ્વચ્છાંજલી અર્પણ કરવામાં આવી






। પંકજ પંડિત ઝાલોદ, તા.૧ ।

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨ ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મદીન નિમિત્તે સ્વચ્છતા માટે એક તારીખે સવારે દસ વાગે એક કલાકના શ્રમદાન માટે અપીલ કરવામાં આવી હતી તે અંતર્ગત ઝાલોદ તાલુકાના તમામ વિસ્તારોમાં શ્રમદાન કરવા માટે ભાજપ પરિવારના સભ્યો એક જૂટ થઈ વડાપ્રધાન દ્વારા કરાયેલ હાકલને સાર્થક કરેલ હતી. ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરિયા અને મામલતદાર ઝાલા દ્વારા લીમડી નગરમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને સાથે રાખી શ્રમદાન કરેલ હતું.ઝાલોદ તાલુકામાં તમામ સરપંચો, કાર્યકર્તાઓ તેમજ નગરપાલિકા વિસ્તારના સહુ કાર્યકર્તાઓ દ્વારા સાચી દિશામાં શ્રમદાન કરી સ્વચ્છતાની ઝુંબેશને સાર્થક કરેલ હતી. તમામ તાલુકા કક્ષાએ અલગ અલગ વિસ્તારોમાં " એક તારીખ એક કલાક " ના સૂત્ર સાથે શ્રમદાનમાં જોડાયા હતા. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં ભાજપ પરિવારના શ્રમદાન સંકલ્પને સાર્થક કરવાં મહિલા મોરચા પણ મોટા પ્રમાણમાં જોડાયેલ હતા. નગરમાં અલગ અલગ વિસ્તારોમાં સહુ એક જૂટ થઈ વડાપ્રધાન દ્વારા અપાયેલ સ્વછતાં અભિયાનના સંકલ્પને સાર્થક કરતા જોવા મળેલ હતા. આ અભિયાનમાં ઝાલોદ નગરના ભાજપ પારિવાના લોકો મોટા પ્રમાણમાં જોડાઈ શ્રમદાનની સાચી દિશામાં પૂર્ણ કરવામાં આવેલ હતો. નગરમાં અલગ અલગ વિસ્તારોમાં સહુ એક જૂટ થઈ વડાપ્રધાન દ્વારા અપાયેલ સ્વછતાં અભિયાનના સંકલ્પને સાર્થક કરતા જોવા મળેલ હતા. આ અભિયાનમાં ઝાલોદ નગરના ભાજપ પારિવાના લોકો મોટા પ્રમાણમાં જોડાઈ શ્રમદાનની સાચી દિશામાં પૂર્ણ કરવામાં આવેલ હતો.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં જોડાયા



। અમદાવાદ, તા.૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના મતવિસ્તારમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં જોડાયા હતા. સ્વચ્છતા અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ પોતાનું શ્રમદાન આપી જાહેર રસ્તા પર સાફ-સફાઈ કરી હતી. સ્વચ્છતા અભિયાનમાં મુખ્યમંત્રીશ્રી સાથે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન પણ જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે વૃક્ષારોપણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન ને પગલે આજે ૧લી ઓકટોબરે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન 'એક તારીખ, એક કલાક, એક સાથ' મહાશ્રમદાનના સૂત્ર સાથે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવા સમગ્ર ગુજરાતમાં પણ આજે વિવિધ જાહેર સ્થળોએ સફાઈ અભિયાન યોજાયું હતું. જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પોતાના મતવિસ્તારમાં શ્રમદાન કર્યુ હતું. આ પ્રસંગે ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, કોર્પોરેશનના અધિકારીશ્રીઓ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ લૂંટારુઓ કોણ? લૂંટ કરનારા ઈસમ સામે પોલીસ કાર્યવાહીની માંગ

# નર્મદા જિલ્લાના સેલંબા ખાતે દુકાનો લૂંટવાના સીસીટીવી વિડીયો સોસીયલ મીડિયામા વાયરલ થયો

। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૧ ।

બે દિવસ પહેલાં સેલંબા ગામે પથ્થરમારાં અને દુકાનોની તોડફોડ લૂંટ અને આગચંપીનો બનાવ બનતા તેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર ગુજરાતના રાજકારણમાં પડ્યા છે. ત્રણ પોલીસ ફરિયાદ થતાં પોલીસે કાર્યવાહીતો શરૂ થઈ ગઈ છે તેમાં વધુ એક ચોકવનારોદુકાનો લૂંટવાનો સીસીટીવી ફૂટેજનો વિડિઓ સામે આવ્યો છે. જેમાં યુવાનો અને મોઢા પર રૂમાલ બાંધેલા બુકાનીધારીઓ દુકાનના સામાનની તોડફોડ કરતા અને દુકાનના માલસામાનની રીતસરની લૂંટ કરતા સ્પષ્ટ દેખાય છે. એક દુકાનમાં દંડા ધારી અને બુકાની ધારી યુવાનો ચાવીની મદદથી દુકાનનનો ગલ્લો ખોલવાનો પ્રયાસ કરી રહ્યાં છે કેટલાક દુકાનમાંથી બુટ ચંપલ ખોખા સાથે લૂંટ ચલાવતા નજરે પડે છે બીજી દુકાનમાં કોથળીમાં બેલ્ટ, પટ્ટા, તથા અન્ય માલ સામાનભરેલા ખોખા ની લૂંટ ચાલવતા નજરે પડે છે. જયારે એક બુકાનીધારીએ દંડાથી સીસીટીવી ફૂટેજ વાળા ટીવીની તોડફોડ કરી તો બીજાએ સીસીટીવી કેમેરો તોડી નાખ્યોહતો.હવે દુકાનો લૂંટવાના સીસીટીવી વિડીયો સોસીયલ મીડિયામા વાયરલ થયોછે. ત્યારે આ લૂંટ કરનારા ઈસમો કોણ છે તે સીસીટીવી ના ફૂટેજ ને આધારે ચહેરાની ઓળખ થાય તો જે ઝડપાશે તેની સામે લૂંટનો ગુનો દાખલ થશે અને કાર્યવાહી થશે એ ભીતિથી લૂંટ કરનારા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે. હવે આ લૂંટ કરવા સામે રાજકીય જૂથો એકબીજાઉપર દોષારોપણ કરતા નર્મદાનું રાજકારણ ગરમાતા ફરી એકવાર ભાજપાના સિનિયર સાંસદ મનસુખભાઈ વસાવા અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ફરી એકવાર આમને સામને આવી ગયા છે. તો બીજી તરફ ટોળાના માણસોએ સેલંબા મેઈન બજારમાં આવેલ નિશાર સ્ટોર ઉપરાંત (૧) ગુજરાત એગ્રો (૨) ઝમઝમ કલેક્શન (૩) હુરબાઈમંઝીલની કરીયાણાની દુકાન (૪) કિશાન કેન્દ્ર (૫) ગુજરાત ટેલર્સ (૬) એ ટૂ ઝેડ મોબાઈલની દુકાન (૭) નેશનલ વેલ્ડીંગ વર્ક શોપ તથા (૮) સાજીદ મોબાઈલ (૯) ગુજરાત ટેલર અને કટલરીની દુકાનોમાં પથ્થરમારો કરી તોડફોડ કરી દુકાનમાં પ્રવેશ કરી આગ લગાડી નુકશાન કરી ગુનો કરી જિલ્લા મેજીસ્ટ્રેટ,નર્મદાના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી કર્યો છે.

નર્મદા જિલ્લામાં 'એક તારીખ, એક કલાક'ના સૂત્ર સાથે "સ્વચ્છતા હિ સેવા" અંતર્ગત મહાશ્રમદાનની પ્રવૃત્તિઓ હાથ ધરાઈ

# રાજપીપલા ગાંધીચોક ખાતે નાંદોદના ધારાસભ્ય તથા ભાજપાના કાર્યકર આગેવાનો ની ઉપસ્થિતિમાં સફાઈ અભિયાન હાથ ધર્યું



। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૧ ।

સ્વચ્છતાના આગ્રહી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ દિવસને કેન્દ્રમાં રાખીને ઓક્ટોબર મહિનામાં 'સ્વચ્છતા હી સેવા' ના સૂત્ર સાથે પખવાડાની ઉજવણી અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આજે તા.૧ લી ઓક્ટોબર, ૨૦૨૩ ને રવિવારના દિવસે દેશના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જન-પ્રતિનિધિઓની આગેવાની હેઠળ 'એક તારીખ, એક કલાક' સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેના ભાગરૂપે નર્મદા જિલ્લાના વડામથક રાજપીપલા ખાતે નાંદોદના ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. આજના આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખ સહિતજિલ્લા મહિલા મોરચા તથા જિલ્લા સંગઠનના અન્ય હોદ્દેદારો અને પદાધિકારીઓએ સૌ પ્રથમ મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. બાદમાં ગાંધી ચોકથી જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી તરફના મુખ્ય માર્ગ પર સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદી જ્યારથી દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારથી તેઓએ દેશમાં સ્વચ્છતા માટેનું અભિયાન ચલાવ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા માટે આજે પહેલી ઓક્ટોબરના દિવસે પણ દરેક સમાજના નાગરિકો આ સ્વચ્છતા અભિયાન સાથે જોડાઈને એક કલાકના સમયનું શ્રમદાન સમગ્ર દેશના નાગરિકો એક જ સમયે કરી રહ્યા છે. નર્મદા જિલ્લામાં પણ મોટી સંખ્યામાં બહેનોએ ઉપસ્થિત થઈને આ સ્વચ્છતાના કાર્યક્રમને સફળ બનાવ્યો છે તેમ ઉમેર્યું હતું. સાથે જિલ્લાના સૌ નાગરિકોને પોતાના વિસ્તારમાં સફાઈ અભિયાનમાં જોડાઈને શ્રમદાન કરવા અને પોતાના ઘર-ઓફિસ તથા કામના સ્થળે કાયમ માટે સ્વચ્છતા જાળવવા પણ ધારાસભ્યશ્રીએ અપીલ કરી હતી. નર્મદા જિલ્લામાં 'એક તારીખ, એક કલાક' અન્વયે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું સમગ્ર આયોજન જિલ્લાના આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ, શાળાઓ, વિવિધ કચેરીઓના પ્રાંગણ અને આજુબાજુના વિસ્તારો, જિલ્લાની મેડિકલ કોલેજ, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થળો સહિતની જગ્યાઓએ કરવામાં આવ્યું હતું. જિલ્લાના દરેક તાલુકા અને ગામમાં ઓછામાં ઓછી એક શ્રમદાનની ગતિવિધિ થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ શ્રમદાન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી' અને 'ઝીરો વેસ્ટ'ને પ્રોત્સાહન મળે તે પ્રકારનું છે. શ્રમદાન થકી એકત્રિત થયેલા કચરાનો યોગ્ય નિકાલ થાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ભગીરથ કાર્યમાં ધારાસભ્ય, નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, જિલ્લા અને તાલુકા પંચાયત, નગરપાલિકાના સભ્યો, જિલ્લા સંગઠનના હોદ્દેદારો, જિલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ ઢોડિયા સહિત અધિકારીઓ-કર્મચારીઓએ પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી હતી.

# રાજકોટમાં દાઉદી વ્હોરા સમાજ મહિલા ગ્રુપએ સ્વચ્છતા દિવસની ઊજવણી કરી



। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧ ।

દેશભરમાં આજે અલગ અલગ જગ્યા પર સ્વચ્છતાનો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો છે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી અપીલ અનુસાર આજે બધા જ લોકો સવારે ૧૦ થી ૧૧ એટલે કે ૧ કલાકનું શ્રમદાન આપ્યું છે. જેમાં પોતાના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનમાં નેતાઓ સહીત લોકો ધાર્મિક સ્થળો, પ્રવાસ સ્થળો, રેલવે સ્ટેશન સહિત અનેક જાહેર જગ્યાઓ પર શ્રમદાન આપ્યું હતું . ત્યારે રાજકોટમાં પણ અનેક વિસ્તારોની અંદર આજે સ્વસ્છ ભારત અભિયાન દિવસની ઉજવણી કરાઈ હતી રવિવારે રાજકોટ દાઉદી વ્હોરા સમાજના મહિલા ગ્રુપની બહેનોએ પોતાનાં વિસ્તારની સાફસફાઈ કરી શ્રમદાન આપ્યું હતુ દરમિયાન મહિલા ગ્રુપના શ્રીમતી દુરૈયાબેન એસ મુસાણીએ જણાવ્યું હતું કે તમે જે દેશમાં રેહતા હો તે દેશને બરાબર વફાદાર રહો આ આદેશ અમારાં માનવતાવાદી સર્વોચ્ચ ધર્મગુરુ નામદાર ડો. સૈયદના સાહેબે દરેક અનુયાયીઓને આપતાં જ રહે છે તેનાં કારણે સફાઈ અભિયાનને વધું વેગ મળે છે દુરૈયાબેને વધુમાં જણાવ્યું હતું કે દરેક લોકો પોતાનું આંગણુ ચોખ્ખું રાખી કચરાનો વ્યવસ્થિત નિકાલ કરે તો ભવિષ્યમાં સ્વચ્છતા અભિયાનની જરૂરીયાત જ ન રહે રાજકોટમા આગામી દિવસોમાં અમારાં ધર્મગુરુ સાહેબ પધારવાના હોવાથી દરેક એરિયામાં બહેનો હજું આ સ્વચ્છતા અભિયાન શરુ જ રાખી.


# થરા બાલવી માતાજી મંદિરે આધુનિક ફેકો મશીન દ્વારા આંખના મોતીયાનો વિનામૂલ્યે નિદાન તથા ઓપરેશન મેગા કેમ્પ યોજાશે

। રાજકોટ, તા.૧ ।

શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ. શ્રી જલારામ મંદિર-થરા તથા શ્રી કૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટ-થરાના ઉપક્રમે આવતી કાલે તારીખ :૦૩-૧૦-૨૩ મંગળવારના રોજ સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી કાંકરેજ તાલુકા ના થરા બાલવી માતાજી મંદિરે આધુનિક ફેકો મશીન દ્વારા આંખ ના મોતીયાનો વિનામૂલ્યે નિદાન મેગા કેમ્પ યોજાશે જેમાં દર્દીને મોતિયાનું ઓપરેશન કરવાની જરૂર પડશે તો તે દર્દીને રાજકોટ લઈ જઈ ઓપરેશન કરી થરા પરત લાવવામાં આવશે.

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા આજરોજ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું




। પંકજ પંડિત ઝાલોદ, તા.૧ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ, અપંગ અને અતિ ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે. જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા આજરોજ તાલીમ વર્ગમાં તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓ પોતાનો આત્મવિશ્વાસ વધે અને જે શીખ્યા છે તે કેટલું ગ્રહણ કર્યું છે તે ભાવનાથી નવોદય પ્રવેશ પરીક્ષામાં સંદર્ભમાં ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓ ભાગ લીધેલ અને સારો દેખાવ કર્યો હતો. તમામને તાલીમ વર્ગના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ અભિનંદન પાઠવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદભુત બની જશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ્?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

ન્યૂઝ બ્રિફ

## અંકલેશ્વરમાં મશીન ફિટ કરતો યુવક અચાનક જ ઢળી પડ્યો



। સુરત, તા.૧ ।

સુરતના કીમ વિસ્તારમાં ૩૬ વર્ષિય યુવક રજનીકાંતનું હાર્ટ અટેકના કારણે મૃત્યું થયું છે. રજનીકાંત પટેલ અંકલેશ્વરની એક મિલમાં મશીન ફિટિંગ દરમિયાન અચાનક બેભાન થઈને ઢળી પડ્યાં હતા. તેમના બેભાન અવસ્થઆમાં જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જો કે દુર્ભાગ્યવશ તેની જિંદગી ન બચાવી શકાય ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા. પ્રાથમિક તપાસમાં હાર્ટ અટેકથી મોત થયાનું કારણ સામે આવ્યું છે. મૃતક યુવક સુરતના કિમ વિસ્તારના શિવાજી નગરમાં રહેતો હતો. મોતના સમાચાર મળતા જ પરિવાર સ્તબ્ધ અને શોકમગ્ન છે. આજે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ત્રણ હાર્ટ અટેકથી મોતની ઘટના બની છે. દાહોદ, સુરત અને જેતપુરમાં હાર્ટ અટેકથી મોતના અહેવાલ છે. જેતપુરમાં વધુ એક યુવાન ને હાર્ટ એટેક આવતા મોત થયું હતું. વેલકમ ચાઈનીઝમાં કામ કરતા યુવાનને ઘરે એટેક આવ્યો હતો. યુવકને ટાકુડીપરામાં પોતાની ઘરે હાર્ટ એટેક આવ્યો હતો, કેસર દિલ બહાદુર ખત્રી (ઉ.વ. ૩૯) નામનો મૂળ નેપાળના અને જેતપુરના નેપાલ ગંજ ખાતે રહેતો યુવક છેલ્લા ઘણા વર્ષો થી જેતપુર વેલકમ ચાઈનીઝ નામની દુકાનમાં કામ કરતો હતો. મૃતદેહને પીએમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડાયો છે. જેતપુર સીટી પોલીસ હોસ્પિટલ પહોંચી તપાસ હાથ ધરી હતી. છેલ્લા ઘણા વર્ષો થી જેતપુર વેલકમ ચાઈનીઝ નામની દુકાનમાં કામ કરતો હતો. મૃતદેહને પીએમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડાયો છે. જેતપુર સીટી પોલીસ હોસ્પિટલ પહોંચી તપાસ હાથ ધરી હતી.

### બેકલોગનો નિકાલ કરવા AIનો ઉપયોગ શરૂ

# અંતે કેનેડાએ વર્કપરમિટ કામગીરી ઝડપી કરી

## ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૭ મહિનામાં ૯૬,૦૮૫ ભારતીયોએ કેનેડાના PR માટે અરજી કરી હતી

। ઓટ્ટાવા, તા.૧ ।

ભારત અને કેનેડા વચ્ચે તણાવ હોવા છતાં કેનેડા માટે ભારતમાંથી વર્ક પરમિટ અને બીજા વિઝાની અરજીઓમાં કોઈ ઘટાડો થયો નથી. કેનેડામાં પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ અને વર્ક પરમિટ એક્સટેન્શનની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે ઢગલાબંધ અરજીઓ કરવામાં આવી છે અને તેનો એક બેંક લોગ સર્જાયો છે. કેનેડાના ઈમિગ્રેશન અને સિટિઝનશિપ વિભાગે હવે ઓટોમેશન ટેકનોલોજીનો ઉપયોગ વધારી દીધો છે જેથી કરીને પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ પ્રક્રિયા વધુ ઝડપી બને અને એક સાથે ઘણી બધી એપ્લિકેશનનો નિકાલ થઈ શકે. આ ઓટોમેટિક ટૂલમાં દરેક અરજીને તેની જટિલતાના આધારે માપવામાં આવશે. જેથી ઘણી બધી અરજીઓનો ઝડપી નિકાલ થઈ શકશે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે કેનેડામાં હાયર એજ્યુકેશન માટે સૌથી વધુ અરજીઓ ભારત તરફથી કરવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૭ મહિનામાં ૯૬,૦૮૫ ભારતીયોએ કેનેડાના PR માટે અરજી કરી હતી. આ સાત મહિનામાં કેનેડાને પીઆર ની કુલ ૩૦૩૯૬૫ અરજીઓ મળી હતી. એટલે



કે માત્ર ભારત તરફથી ૩૧.૬ ટકા અરજીઓ મળી હતી. કેનેડાના PR (પર્મેનન્ટ રેસિડન્સી) મેળવવામાં ભારત એક મુખ્ય સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે અને બાકીના બધા દેશોને પાછળ રાખી દીધા છે. IRCCના ડેટા મુજબ ૨૦૨૨માં કેનેડાએ ભારતીયોને ૧.૧૮ લાખ નવા PR આપ્યા હતા. આ ગાળામાં કેનેડાએ કુલ ૪,૩૭,૬૧૦ નવા PR ઈશ્યૂ કર્યા હતા.

### કમિશનના રૂપિયામાં ભાગ માગતા હત્યા કરાઈ હતી

# એપ્રિલ મહિનામાં થયેલી યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

## ગત ૨૪ એપ્રિલના રોજ સરખેજના સનાથલ બ્રિજ નજીકથી એક યુવકનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો

। અમદાવાદ, તા.૧ ।

અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી યુવકની નગ્ન હાલતમાં મળી આવેલી લાશ મામલે ત્રણ આરોપીઓને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી હત્યાનો ભેદ ઉકેલ્યો છે. પાંચેક મહિના પહેલા યુવકની હત્યા કમિશનના રૂપિયામાં ભાગ માગતા થઈ હોવાનું તપાસમાં સામે આવ્યું છે, ત્યારે હાલ પણ હત્યાના કેસમાં સંડોવાયેલા અન્ય બે ફરાર આરોપીઓની પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ કસ્ટડીમાં રહેલા ત્રણેય આરોપીઓ હત્યા કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યા છે. પકડાયેલા આરોપીઓના નામ અરવિંદ ઠાકોર, દિવ્યાંશુ ચૌહાણ અને બેચર ઠાકોર છે. આ હત્યામાં અન્ય બે આરોપીઓ હાલ પણ પોલીસ ગિરફતથી બહાર છે. ગુના અંગેની વાત કરીએ તો ગત ૨૪ એપ્રિલ ૨૦૨૩ના રોજ સરખેજના સનાથલ બ્રિજ નજીકથી એક યુવકનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

### મૃતક પપ્પુ નિષાદના મૃતદેહ પરથી કેટલાક ઇજાના નિશાનો મળી આવેલા

બનાવ સમયે મૃતક પપ્પુ નિષાદના મૃતદેહ પરથી કેટલાક ઇજાના નિશાનો મળી આવેલા અને મૃતદેહ પરથી કપડા કાઢી લઈ આરોપીઓ ફરાર થયા હતા. જે બાબતે ક્રાઇમ બ્રાન્ચની ટીમે આરોપીઓની પૂછપરછ કરતા ખુલ્યું કે, આરોપીઓ સનાથલ બ્રિજના છેડે અવાવરું જગ્યામાં ચાલતા દેહ વિકર્યના ધંધો શાંતિથી ચાલવા દેવા માટે પ્રોટેક્શન મની એટલે કે ખંડણી પડાવવા આવ્યા હતા, પણ મૃતક પપ્પુએ ખંડણી આપવાની મનાઈ કરતા આરોપીઓએ તેના પર હુમલો કરી માર મારી હત્યા કરી નાખી. જોકે આ કેસમાં સંડોવાયેલા અન્ય બે ફરાર આરોપીઓએ જીગર ચૌહાણ અને શંભુ પરમારે મૃતદેહનો નિકાલ કરવામાં મદદ કરી હતી. જેથી પોલીસે હત્યા અને પુરાવાના નાશના ગુનામાં ફરાર બે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. મહત્વનું છે કે, હત્યા બાદ મૃતક પપ્પુની ઓળખ તેના ભાઈ દ્વારા કરવામાં આવેલી પરંતુ હત્યા અંગે કોઈ ફરિયાદ દાખલ કરવામાં નહોતી આવી. જોકે ક્રાઈમ બ્રાન્ચે શરૂઆતથી આ કેસમાં તપાસ કરી ચોક્ક્સ સ્થાનિકોની મદદ અને બાતમીના આધારે આરોપીઓ સુધી પહોંચી અને આખરે પાંચ મહિના બાદ હત્યાનો ભેદ ઉકેલ્યો છે. હાલ પકડાયેલા ત્રણેય આરોપીઓની વધુ પૂછપરછ કરી ફરાર બે આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

### ભારત જીતે તે વધુ મહત્વનું છે : યુઝવેન્દ્ર ચહલ

# વર્લ્ડ કપની ટીમમાં જગ્યા નહીં મળતા યુઝવેન્દ્ર ચહલ પરેશાન

## લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલને આ વાતનું દુખ છે છતાં તે કહે છે કે તે હવે ટીમના મેનેજમેન્ટથી ટેવાઈ ગયો છે

। નવી દિલ્હી, તા.૧ ।

આગામી ક્રિકેટ વર્લ્ડ કપ હવે ચાર દિવસમાં જ શરૂ થઈ જવા રહ્યો છે જેમાં લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલને સ્થાન નથી મળ્યું. ચહલની જગ્યાએ આર અશ્વિન, રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. વર્લ્ડ કપની ટીમમાં જગ્યા ન મળવાના કારણે દેખીતી રીતે જ યુઝવેન્દ્ર ચહલ પરેશાન છે. આ વિશે ચહલને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેણે અફસોસ વ્યક્ત કર્યો હતો, પરંતુ સાથે સાથે એમ પણ કહ્યું કે તેને આવી બધી બાબતોની ટેવ પડી ગઈ છે. તે જીવનમાં આગળ વધવામાં માને છે. પોતાની મજાક મસ્તીભર્યા અંદાજથી ખાસ જાણીતો છે. પરંતુ આગામી વર્લ્ડકપમાં તેને સાઈડલાઈન કરી દેવાયો છે. નવાઈની વાત એ છે કે તાજેતરમાં સફેદ દડા સાથે રમાતી ઘણી મેચોમાં ચહલે ભારતીય ટીમમાં સૌથી સારો દેખાવ કર્યો હોવા છતાં તેને પડતો મુકવામાં આવ્યો છે. ૨૦૧૬માં તેણે રમવાનું શરૂ કર્યું ત્યારથી ભારત માટે વનડેમાં ત્રીજા ક્રમે સૌથી વધુ વિકેટો લેવાની સિદ્ધિ ચહલના નામે છે. આમ છતાં તેને ૨૦૨૧ અને ૨૦૨૨ના ટી ટ્વેન્ટી વર્લ્ડકપમાં લેવામાં આવ્યો ન હતો. આ ઉપરાંત હવે તે ૨૦૨૩નો વર્લ્ડ કપ પણ મિસ કરશે. ૨૦૨૨ની વર્લ્ડકપમાં તે સામેલ હતો પરંતુ તેને એક પણ મેચમાં લેવામાં આવ્યો ન હતો. સ્થિતિ એવી છે કે ચહલે પણ હવે સિલેક્ટરોના નિર્ણયને સ્વીકારી લીધો છે. તાજેતરમાં એક ચેટમાં ચહલે જણાવ્યું કે તે બરાબર સમજે છે કે ટીમમાં માત્ર ૧૫ ખેલાડીને જ લઈ શકાય તેમ છે. તેથી તેણે મેનેજમેન્ટના નિર્ણયને સ્વીકાર્યો છે. તેણે કહ્યું કે વર્લ્ડકપની ટીમમાં ૧૭ કે ૧૮ ખેલાડી તો લઈ શકાતા નથી. ટીમમાં મારો સમાવેશ ન થયો તેનું દુખ થયું છે પરંતુ જીવનમાં મારો મંત્ર રહ્યો છે કે આગળ વધતા રહો. હું આ બધાથી ટેવાઈ ગયો છું. છેલ્લા ત્રણ વર્લ્ડ કપથી મારી સાથે આવું થાય છે. ભારતે ક્રિકેટ ટીમની જાહેરાત કરી ત્યારે શરૂઆતમાં અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવને સ્પિનર તરીકે સામેલ કર્યા હતા. પરંતુ અક્ષર પટેલને ઈજા થઈ હોવાથી તેની જગ્યાએ અશ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે છેલ્લા બે વર્ષમાં અશ્વિન બહુ ઓછું ક્રિકેટ રમ્યો છે. ચહલનું કહેવું છે કે મને વર્લ્ડ કપમાં લેવામાં આવે કે નહીં, પરંતુ ભારત આ વર્લ્ડ કપ જીતે તે વધુ મહત્ત્વનું છે. ટીમના જે સભ્યો છે તે મારા ભાઈઓ જેવા જ છે.

### તાજેતરમાં સફેદ દડા સાથે રમાતી ઘણી મેચોમાં ચહલે ભારતીય ટીમમાં સૌથી સારો દેખાવ કર્યો



તાજેતરમાં સફેદ દડા સાથે રમાતી ઘણી મેચોમાં ચહલે ભારતીય ટીમમાં સૌથી સારો દેખાવ કર્યો હોવા છતાં તેને પડતો મુકવામાં આવ્યો છે. ૨૦૧૬માં તેણે રમવાનું શરૂ કર્યું ત્યારથી ભારત માટે વનડેમાં ત્રીજા ક્રમે સૌથી વધુ વિકેટો લેવાની સિદ્ધિ ચહલના નામે છે. આમ છતાં તેને ૨૦૨૧ અને ૨૦૨૨ના ટી ટ્વેન્ટી વર્લ્ડકપમાં લેવામાં આવ્યો ન હતો. આ ઉપરાંત હવે તે ૨૦૨૩નો વર્લ્ડ કપ પણ મિસ કરશે. ૨૦૨૨ની વર્લ્ડકપમાં તે સામેલ હતો પરંતુ તેને એક પણ મેચમાં લેવામાં આવ્યો ન હતો. સ્થિતિ એવી છે કે ચહલે પણ હવે સિલેક્ટરોના નિર્ણયને સ્વીકારી લીધો છે.તાજેતરમાં એક ચેટમાં ચહલે જણાવ્યું કે તે બરાબર સમજે છે કે ટીમમાં માત્ર ૧૫ ખેલાડીને જ લઈ શકાય તેમ છે. તેથી તેણે મેનેજમેન્ટના નિર્ણયને સ્વીકાર્યો છે. તેણે કહ્યું કે વર્લ્ડકપની ટીમમાં ૧૭ કે ૧૮ ખેલાડી તો લઈ શકાતા નથી. ટીમમાં મારો સમાવેશ ન થયો તેનું દુખ થયું છે પરંતુ જીવનમાં મારો મંત્ર રહ્યો છે કે આગળ વધતા રહો. હું આ બધાથી ટેવાઈ ગયો છું. છેલ્લા ત્રણ વર્લ્ડ કપથી મારી સાથે આવું થાય છે. ભારતે ક્રિકેટ ટીમની જાહેરાત કરી ત્યારે શરૂઆતમાં અક્ષર પટેલ, રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવને સ્પિનર તરીકે સામેલ કર્યા હતા. મહત્ત્વની વાત એ છે કે છેલ્લા બે વર્ષમાં અશ્વિન બહુ ઓછું ક્રિકેટ રમ્યો છે. ચહલનું કહેવું છે કે મને વર્લ્ડ કપમાં લેવામાં આવે કે નહીં, પરંતુ ભારત આ વર્લ્ડ કપ જીતે તે વધુ મહત્ત્વનું છે. ટીમના જે સભ્યો છે તે મારા ભાઈઓ જેવા જ છે.

## વિશેષ


### ડુમ્મસ દરિયામાં લખન આખી રાત વિસર્જિત ગણેશ મૂર્તિના સહારે તરતો રહ્યો : ખલાસીઓનું ધ્યાન જતાં લખનને બચાવ્યો

# કિશોર ૨૪ કલાક સુધી દરિયામાં મોત સામે જંગ લડી આખરે જીત્યો

નવસારી, તા.૧

સુરતના ડુમ્મસના કિનારેથી દરિયામાં ખેંચી ગયેલા મોતને ૧૪ વર્ષીય કિશોરે વિઘ્નહર્તાની વિસર્જિત મૂર્તિના અવશેષોને સહારે હરાવી નવજીવન મેળવ્યુ છે. સતત ૨૪ કલાક સુધી દરિયાના તોફાની મોજાઓ સાથે બાથ ભીડતા સુરતના લખનને નવસારીની નવદુર્ગા બોટમાં માછીમારોએ બચાવ્યો હતો અને ૧૨ કલાક બાદ આજે વહેલી સવારે ધોલાઈ બંદરે સુરક્ષિત પહોંચાડતા લખનના પિતાની આંખોમાંથી હર્ષના આસું વહી નીકળ્યાં હતાં. જ્યારે કિશોરને તાત્કાલિક ઝેં ઓન વ્હીલની મદદથી પ્રાથમિક તપાસ સાથે વધુ સારવાર અર્થે નવસારીની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

સુરતના ગોડાદરા સ્થિત આસપાસ નજીક રહેતા વિકાસ લાભુ દેવીપૂજકના બે દીકરા લખન, કરણ અને દીકરી અંજલિ તેમની દાદી સવિતાબેન સાથે ગત ૨૯ સપ્ટેમ્બરના રોજ સુરતના પાર્લેપોઈન્ટ સ્થિત અંબાજી મંદિરે દર્શને ગયા હતા. જ્યાંથી દાદી ત્રણેય બાળકોને લઈ ડુમ્મસના દરિયા કિનારે ફરવા લઈ ગયા હતા. દરિયા કિનારે પહોંચતા જ ૧૪ વર્ષીય લખન અને ૧૧ વર્ષીય કરણ સવિતા દાદીની સૂચનાને નકારી દરિયામાં નાહવા પડ્યા હતા. પરંતુ બપોરના ૧ થી ૨ ના સમયગાળામાં દરિયામાં ભરતી શરૂ થતાં લખન અને કરણ બંને ભાઈઓ દરિયામાં ખેંચાવા લાગ્યા હતા. જેમાં નજીકમાં ઉભેલા લોકોએ કરણને હાથ પકડી બચાવી લીધો હતો. પણ લખન દરિયાના મોજામાં ખેંચાઈને લાપતા બન્યો હતો. ઘટનાની જાણ થતા દાદી સહિત પરિવારજનોમાં શોક ફેલાયો હતો. સ્થાનિક પોલીસ અને સુરત ફાયારને જાણ કરતા કરણની શોધખોળ



આરંભી હતી. પણ દરિયાના ઉછળતા તોફાની મોજામાં લખન મળ્યો ન હતો. બીજી તરફ લખનનાં પિતા વિકાસ દેવીપૂજકે સમાજના આગેવાન સુરેશ વાઘેલાની મદદ લઈ દીકરાને શોધવા માટેના તમામ પ્રયાસો કર્યા હતા. પણ તેમને નિરાશા જ મળી હતી. જોકે વિકાસ ૨૪ કલાક દરિયા કિનારે રહી દીકરાનો મૃતદેહ પણ મળી જાય એવી આશા સેવી રહ્યા હતા. ત્યારે જ માતાજીના આશીર્વાદથી ચમત્કાર થયો અને દરિયામાં લખન જીવિત બચ્યો હોવાના સમાચાર મળતા જ પિતા વિકાસ સહિત પરિવારજનોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. જ્યારે લખન શનિવારની મોડી રાતે નવસારીના ધોલાઈ બંદરે આવશેની જાણ થતા જ પિતા વિકાસ સમાજના આગેવાન સુરેશ વાઘેલા સાથે ધોલાઈ પહોંચ્યા હતા.

નવસારીના ભાટ ગામના માછીમાર રસિક ટંડેલ તેમની ૭ ખલાસીઓની ટીમ સાથે ૫ દિવસોથી દરિયો ખેડીને દરિયાઈ મેવો મેળવી રહ્યા હતા. રસિક ટંડેલની બોટ શનિવારે બપોરે નવસારીના કિનારેથી ૧૮ નોટિકલ માઈલ એટલે કે અંદાજિત ૨૨ કિમી અંદર હતી. ત્યારે વિસર્જિત ગણેશજીની પ્રતિમાના અવશેષ ઉપર કોઈક બાળક બેઠો હોય અને બચાવવા માટે હાથ કરી રહ્યો હોવાનું જણાયું હતું. જાણે દરિયામાં મોતના મુખમાંથી વિઘ્નહર્તાએ જ લખનને બચાવી નવજીવન આપ્યું હોય એમ રસિકે તેમની બોટ વિસર્જિત ગણપતિના અવશેષ પર બેઠેલા લખન નજીક લઈ જઈ, તેને દોરડાની મદદથી બચાવી લીધો હતો. ૨૪ કલાકથી દરિયાની તોફાની લહેરો વચ્ચે જીવન ટકાવી રહેલો લખન ઘણો ગભરાય ગયો હતો. જેથી રસિકે પ્રથમ તેને પાણી આપ્યા બાદ ચા અને બિસ્કીટ ખવડાવ્યા હતા. બાદમાં તેને હિંમત આપી થોડા સમય માટે સુવડાવી દીધો હતો. લખન જ્યારે નોર્મલ થયો, ત્યારે દરિયામાં કેવી રીતે આવ્યો અને પરિવારજનોની માહિતી મેળવી હતી. બાદમાં રસિકે ગામના જ એક અન્ય માછીમારને જાણ કરી, લખન મળ્યાની જાણ મરીન પોલીસને કરવા જણાવ્યું હતું. પોલીસને ઘટનાની જાણ થતા જ તાત્કાલિક મોતને માત આપનાર લખનના પિતાને જાણ કરતા જ દીકરાના મૃતદેહને શોધતા પિતા વિકાસના જીવમાં નવી ઊર્જાનો સંચાર થયો હતો અને આંખોમાં અઢળક આંસુ સાથે ચહેરા પર ખુશી ફેલાઈ હતી. બીજી તરફ શનિવારે રાતે દોઢ વાગ્યા સુધીમાં ધોલાઈ બંદરે આવનારી રસિક ટંડેલની નવદુર્ગા બોટ આજે મળસ્કે ૪:૩૦ વાગ્યે બંદરે પહોંચી હતી. જ્યાં લખન બંદરે ઉતરતા જ પિતા વિકસે તેને ગળે લગાડી લાગણીઓના ઘોડાપૂર સાથે હેત વરસાવ્યું હતું.

સુરતના ડુમ્મસના દરિયામાં ડૂબીને લાપતા થયેલો લખન દેવીપૂજક દરિયામાં જીવતો મળ્યો હોવાની જાણ થતાં નવસારીની મરીન પોલીસ સાથે જિલ્લા પોલીસ તંત્ર પણ સતર્ક થયુ હતું. જિલ્લા પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલ તેમની ટીમ સાથે રાતે ૧૨ વાગ્યે ધોલાઈ બંદરે પહોંચ્યા હતા. સાથે જ લખન બંદરે પહોંચે, ત્યારે એને યોગ્ય સારવાર મળી રહે એ હેતુથી ઝેં ઓન વ્હીલની વ્યવસ્થા કરી હતી. ડૉ. શાલીન પરીખ તેમની ૫ સભ્યોની ટીમ સાથે ધોલાઈ બંદરે પહોંચ્યા હતા. જેમાં કિશોર દરિયામાં ૩૬ કલાક જેટલો સમય રહ્યો હોવાથી શરીરના ટેમ્પ્રેચર માટે બોડી વોર્મર, વેન્ટિલેટર સાથે જ જરૂરી દવાઓ લાવ્યા હતા. જ્યારે લખન બંદરે ઉતાર્યો કે તરત જ એને એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ એને વોર્મર સાથે ગરમ ધાબળો ઓઢાડી વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. લખન દરિયામાંથી મળ્યો હોવાની જાણ થયા બાદ નવસારી પોલીસ પણ હરકતમાં આવી હતી અને જિલ્લામાં પોલીસ અધિકારીઓ લખન સુરક્ષિત બહાર આવે એના પ્રયાસોમાં આજે મળસ્કે સુધી ખડે પગે રહ્યા હતા. લખન સુરક્ષિત બંદરે આવ્યા બાદ એના સ્વાસ્થયની તકેદારી રાખી તેને પરિવારજનોને સોંપવાની પ્રક્રિયા હાથ ધરાશે

જીવન અને મોત ઉપરવાળાના હાથમાં છે... આ ઉક્તિને ૧૪ વર્ષીય લખને ૩૬ કલાક દરિયા સાથે બાથ ભીડીને સાબિત કરી બતાવી છે. જોકે લખન દરિયામાં ડૂબ્યો ત્યારથી જીવતો હોવાની જાણ અને બંદરે સુરક્ષિત બહાર આવ્યો ત્યાં સુધી અનેક લોકોએ એના જીવનને સુરક્ષિત રાખવા અથાગ પ્રયાસો કર્યા હતા, એઓ પણ કુદરતના ચમત્કાર સામે દંડવત કરી આનંદ વ્યક્ત કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### જાણીતા કલાકાર ભાસ્કર ભોજકને આવ્યો હાર્ટએટેક

। દાહોદ, તા.૧ ।

ગુજરાતમાં હાર્ટએટેકના કિસ્સા સતત વધી રહ્યાં છે. ખાસ કરીને યુવાઓને પ્રાણ ભરખી રહ્યો છે. હવે તો ગરબા પ્રેક્ટિસ કરતા યુવકોને પણ હાર્ટએટેકથી મોત આવી રહ્યું છે. ત્યારે હૃદયરોગના હુમલાથી દાહોદમાં નાટક ભજવવા આવેલા મુંબઈના એક થિયેટરના કલાકારનું મોત નિપજ્યું છે. મુંબઈમાં રહેતા ૩૯ વર્ષીય કલાકાર ભાસ્કર એલ.ભોજકનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુંબઈ ખાતે રહેતા ૩૯ વર્ષીય ભાસ્કર એલ ભોજકનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું છે. ગઈકાલે દાહોદ ખાતે અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગાંધી જંયતી નિમિત્તે એમ્ફી થિયેટરમાં નાટકનું આયોજન કરાવાયુ હતું. જેમાં મુંબઈથી આવેલા કલાકારોએ નાટક ભજવ્યુ હતું. 'બે અઢી ખીચડી કડી' નાટક ભજવાયુ હતું. નાટક પૂર્ણ થયા બાદ તમામ કલાકારો હોટલમાં ગયા હતા. જ્યા ભાસ્કર ભોજક નામના કલાકારને હોટલના રૂમમાં હૃદય રોગનો હુમલો આવ્યો હતો.

### ગાંધીનગરમાં રખડતા ઢોરને રોકવા નવી નીતિને મંજૂરી

। ગાંધીનગર, તા.૦૧ ।

ગાંધીનગરમાં રખડતા પશુઓને રોકવા નવી નીતિને મંજૂરી અપાઈ છે. ગાંધીનગર મહાપાલિકાએ સરકારની માર્ગદર્શિકા અનુસંધાને નીતિ તૈયાર કરી છે. જે અનુસંધાને ગાંધીનગર શહેરની હદમાં ઢોર રાખવા માટે લાયસન્સ ફરજિયાત કરવામાં આવ્યું છે.શહેરમાં તમામ પ્રકારના પશુઓનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. ગાંધીનગરમાં જાહેરમાં પશુઓને ઘાસ નાખવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ગાંધીનગરમાં પશુઓ પર RFID ટેગ લગાવવા ફરજિયાત કરવામાં આવ્યું છે. અત્રે જણાવી કે, ગાંધીનગર મહાપાલિકાની સ્થાયી સમિતિમાં કેટલી પોલિસીને મંજૂરી અપાઈ છે. ગાંધીનગર મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંત પટેલે જણાવ્યું કે, રખડતા પશુ સંબંધી પોલિસી ગાંધીનગર મહાપાલિકા મંજૂર કરે છે. જેમાં તમામે તમામ પાસાઓને આવરી લઈને જેમ કે, આ પોલિસીની જરૂરીયાત ક્યાંથી ઉભી થઈ લઈ અને નવી પોલિસી અંતર્ગત RFID ચીપ લગાવવાની બાબત ટેપ લગાવવાની બાબત જેવી તમામ બાબતોને આવરી લેવાઈ છે. જસવંત પટેલે કહ્યું કે, ઘાસચોરો રસ્તા પર નહી નાંખવો તેમજ કેટલફિલ્ડ યોજના છે જેમ કે, ધાર્મિક પ્રસંગે ઘાસચારો ખવડાવવો હોય તો કેટલ પોઈન્ટ પર જઈ ખવડાવી શકે છે, તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કેનેડા સેટલ્ડ થયેલી એક વિદ્યાર્થીનીએ શેરિંગ રૂમ અંગે કહ્યું**

# અહી લોકો એકલા રહેતા હોય એટલે દારૂના રવાડે ચઢી જાય છે

**વિદ્યાર્થીનીએ કહ્યું કે તેમને રોકટોક કરનારું કોઈ નથી હોતું એટલે રૂમ પર દારૂની પાર્ટીઓ થવા લાગે છે**




। અમદાવાદ, તા.૧ ।

કેનેડા એટલે ગુજરાતી વિદ્યાર્થીઓને ભણવા માટેનું ફેવરિટ ડેસ્ટિનેશન, કેનેડા દેશ ગુજરાતીઓને માફક આવી ગયો છે. આ દેશમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ રહે છે. પહેલા અભ્યાસ અને બાદમાં સેટલ્ટ થવાના ઈરાદાથી ગુજરાતીઓ ત્યાં વસવાટ કરે છે. જેને કારણે કેનેડામાં સ્ટુડન્ટ વિઝા પર જવાનો ક્રેઝ વધી ગયો છે. કેનેડા એવો દેશ છે, જ્યાં જવા માટે વિદ્યાર્થીઓને કોઈ ટેન્શન હોતું નથી, કારણ કે અહી સરળતાથી સ્ટે મળી રહે છે. કોઈને કોઈ મિત્રો કે સ્વજનો શેરિંગ રૂમ વિશે સલાહ અને માહિતી આપી દે છે. જો તમે કેનેડા માટે બેગ પેક કરી રહ્યા છો તો શેરિંગ રૂમ વિશેની કેટલીક માહિતી ખાસ જાણી લેજો. આજે અમે તમને કેનેડાના શેરિંગ રૂમનુ સિક્રેટ જણાવીશું. કોઈ પણ નવી જગ્યા હોય એટલે ત્યાં સૌથી પહેલા ઘર શોધવાનું કામ કરવાનું હોય છે. ભારતમાં જો કોઈ નવા રાજ્યમાં સ્થાયી થાય તો સંબંધી થોડા દિવસ તમને એમના ઘરે રહેવા દે છે. પરંતુ વિદેશમાં એવો ટ્રેન્ડ નથી. વિદેશમાં તો જાતે જ ઘર શોધવું પડે છે. તેમાં પણ કેનેડા જેવા દેશમાં જ્યાં ડોલરમાં રૂપિયા ખર્ચવા પડે છે, ત્યાં રૂમ શેરિંગ જ બેસ્ટ ઓપ્શન બની રહે છે. કેનેડામાં એક ઘરમાં ૪ થી ૫ લોકો રૂમ શેરિંગ કરતા હોય છે. કેનેડામાં રોટલો શોધવો મુશ્કેલ છે, પરંતુ ઓટલો શોધવો મુશ્કેલ નથી. કારણ કે, અહી સરળતાથી શેરિંગ મળી રહે છે. પરંતુ શેરિંગ સાથે અનેક લોકોને કડવા અનુભવો થવા લાગે છે. કારણ કે, ડોલર બચાવવા માટે હવે એક રૂમમાં ૭ થી ૮ લોકો પણ શેરિંગ કરી રહ્યાં છે. આવામાં પ્રાઈવસી જેવી કોઈ સુવિધા રહેતી નથી. ઉપરથી દરેક કામની જવાબદારી માથા પર આવે છે. ખાવા-પીવાનો સામાન લાવવો, સાફ-સફાઈ કરવી, જમવાનું બનાવવું બધુ જ કામ જાતે કરવું પડે છે.

**સુવિધામાં ૬૦ ઉચ્ચ ચોકસાઇવાળા મોલ્ડ મેળવવામાં આવ્યા છે**

# ગુજરાતમાં હાઇ સ્પીડ રેલ માટે ટ્રેક સ્લેબ ઉત્પાદન શરુ કરાશે

**(બુલેટ) MAHSR પ્રોજેક્ટ માટે ૪૫,૦૦૦ પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબના ઉત્પાદન માટે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. સિવિલ વર્ક્સ ની શરૂઆતના આઠ મહિનાની અંદર સમગ્ર સુવિધાનું નિર્માણ કરવામાં આવ્યું છે.**

। અમદાવાદ, તા.૧ ।



મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર માટે બેલાસ્ટ લેસ ટ્રેક વર્ક્સના નિર્માણ માટે જરૂરી ટ્રેક સ્લેબના ઉત્પ ાદન માટે નવી ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી (TSMF) ગુજરાત રાજ્યના આણંદ નજીક ખુલ્લી મૂકવામાં આવી હતી. આ સુવિધા ૧ લાખ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. અને (બુલેટ) MAHSR પ્રોજેક્ટ માટે ૪૫,૦૦૦ પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબના ઉત્પાદન માટે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. સિવિલ વર્ક્સ ની શરૂઆતના આઠ મહિનાની અંદર સમગ્ર સુવિધાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર માટે બેલાસ્ટ લેસ ટ્રેક વર્ક્સના નિર્માણ માટે જરૂરી ટ્રેક સ્લેબના ઉત્પ ાદન માટે નવી ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ગુજરાત રાજ્યના આણંદ નજીક ખુલ્લી મૂકવામાં આવી હતી. આ સુવિધા ૧ લાખ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. અને (બુલેટ) MAHSR પ્રોજેક્ટ માટે ૪૫,૦૦૦ પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબના ઉત્પાદન માટે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. સિવિલ વર્ક્સ ની શરૂઆતના આઠ મહિનાની અંદર સમગ્ર સુવિધાનું નિર્માણ કરવામાં આવ્યું છે. સુવિધામાં ૬૦ ઉચ્ચ ચોકસાઈવાળા મોલ્ડ મેળવવામાં આવ્યા છે અને સ્થાપિત કરવામાં આવ્યા છે. જે દરરોજ ૬૦ ટ્રેક સ્લેબ બનાવી શકે છે. ટ્રેક કિલોમીટર દીઠ અંદાજે ૨૦૦ ટ્રેક સ્લેબ જરૂરી છે. સીમલેસ ટ્રેક ઈન્સ્ટોલેશનની સુવિધા માટે આ સુવિધા ૯૦૦૦ ટ્રેક સ્લેબ સુધી સ્ટોર કરી શકે છે.ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી કોક્રીટ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ સાથે સંપૂર્ણ સ્વય સંચાલિત છે. સંપ ૂર્ણ સ્વય સંચાલિત રીબાર પ્રોસેસિંગ મશીનો, કેજ ફેબ્રિકેશન માટે રીબાર યાર્ડ, આરઓ પ્લાન્ટ, બોઈલર પ્લાન્ટ, ક્યોરિંગ પોન્ડ્સ, ઈલેક્ટ્રિક ઓવરહેડ ટ્રાવેલિંગ (EOT) ક્રેન્સ, ગેન્ટ્રી ક્રેન્સ વગેરે જેવા સ્લેબના ઉત્પાદનને ટેકો આપવા માટે વિવિધ આનુષંગિક સુવિધાઓ છે. EOTs અને Gantries પ્રોડક્શન શેડ, રીબાર શેડ, સ્ટોર જેવી મુખ્ય સુવિધાઓ પર ટ્રેક સ્લેબના ઘટકોનું યાંત્રિક સંચાલન સુનિશ્ચિત કરે છે.

ઉત્પાદનના શરૂઆત પહેલાં એક તાલીમ અને પ્રમાણિક અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જાપ ાની નિષ્ણાતો (જાપાનની T&C એજન્સી JARTS દ્વારા એકત્ર કરાયેલ) જાપ ાનમાં અનુસરવામાં આવતી પ્રથાઓના આધારે ભારતીય એન્જિનિયરોને તાલીમ આપી હતી. તેમજ સુરત જિલ્લા નજીક કીમ ગામ ખાતે અન્ય ટ્રેક સ્લેબ ઉત્પ ાદન સુવિધા પણ બનાવવામાં આવી રહી છે. જ્યાં ગુજરાતમાં MAHSR (બુલેટ ) કોરિડોરના ૨૩૬ કિમી માટે ટ્રેક સ્લેબ બાંધકામ માટે કરવામાં આવશે.

**કીમતી વસ્તુઓની ચોરી અટકે તે માટે કંપનીએ અનેક પ્રયાસો કરેલા છે**

# વાપીમાં ૧૦.૫૦ કિલો ચાંદીની ચોરીની ફરિયાદ દાખલ થઇ

**જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા પોલીસે આ મામલે ચોરી મુદ્દમાલ સાથે ૩ આરોપી ની ધરપકડ કરી છે**

। વાપી, તા.૦૧ ।



વાપી જીઆઈડીસીમાં આવેલ એક કંપનીમાંથી ૧૦.૫૦ કિલો ચાંદીની ચોરીની ફરિયાદ દાખલ થતાં ચકચાર મચી ગઈ હતી. ઈલેક્ટ્રીક સામાન બનાવતી આ કંપનીમાં ચાંદી નો ઉપયોગ થતો હોવાથી કંપનીમાંથી અવારનવાર ચાંદી ચોરીની ફરિયાદો ઉઠતી હોય છે. જોકે આ વખતે એક સાથે ૧૦.૫૦ કિલો ચાંદીની ચોરીથી કંપનીમાં દોડધામ મચી ગઈ હતી. વાપી જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા પોલીસે આ મામલે ચોરી મુદ્દમાલ સાથે ૩ આરોપી ની ધરપકડ કરી છે. જોકે ચોંકાવાનારી બાબત એ છે કે ચાંદીની આ ચોરીમાં કંપનીના જ ૩ કર્મચારીની સંડોવણી બહાર આવી છે. વાપી જી.આઈ.ડી.સી.ના ફર્સ્ટ ફેસમાં આવેલી મોડીસન કંપનીમાં ઈલેક્ટ્રોનિક સામાન બને છે. આ ઈલેક્ટ્રીક સામાનમાં મોટાપાયે ચાંદીનો ઉપયોગ થતો હોવાથી આવી કીમતી વસ્તુઓની ચોરી અટકે તે માટે કંપનીએ અનેક પ્રયાસો કરેલા છે. પરંતુ તેમ છતાં કંપનીમાંથી અવારનવાર ચાંદી ચોરીની ફરિયાદ ઉઠતી હતી. જોકે આ વખતે કંપનીની અંદરથી એક સાથે ૧૦.૫૦ કિલો ચાંદીની ચોરી થતા ચકચાર મચી ગઈ હતી. આથી આ સમગ્ર પ્રકરણને લઈ કંપનીએ વાપી જી.આઈ. ડી.સી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે તપાસ હાથ ધરી હતી. તે બીજી બાજુ કંપનીમાં ચેકિંગ દરમિયાન આ કંપનીમાં જ કામ કરતા ૩ કામદાર ની સંડોવણી બહાર આવી હતી. આથી કંપની સંચાલકોએ ૩ આરોપી કામદારને વાપી જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનમાં સોંપી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે ફરિયાદ કરી હતી. આ ત્રણ આરોપી પૈકી ૧ આરોપી સગીર હોવાનું પણ બહાર આવ્યું છે. વાપી જી.આઈ. ડી.સી પોલીસ સ્ટેશનમાં ઊભેલા આરોપીઓ જે થાળીમાં ખાધું તેજ થાળીમાં છેદ કર્યો છે. જી હા મૂનસિંહ વેલસિંહ ભુરીયા અને કાલું દીવાન ડામોર નામના આ ઈસમો પર ગદ્દારીનો આક્ષેપ લાગ્યો છે. વાપી જીઆઈડીસીના ફસ્ટ ફેસમાં આવેલ મોડીસન નામની કંપ નીમાં મજૂરી કામ કરતા આ ઈસમો એ કંપનીમાં જ ચોરી કરી છે. કંપની પાસેના ચાલી રહેલ સેડ બનાવવાની કામગીરીમાં કામ કરતા આ કામદારોએ ચાંદીની ચોરી કરી જમીનમાં દાટી દીધું હતું. જે પોલીસ તાપસમાં જપ્ત કરી લેવાયું છે. જેની બજાર કિંમત ૭.૭૭ લાખ થાય છે. મહત્વપૂર્ણ છે કે આ કંપનીની અંદર ઈલેક્ટ્રીક સામાન બને છે જેમાં મોટાપ ાયે ચાંદીનો ઉપયોગ થાય છે. તે આવી કીમતી ધાતુઓ નિવાસ કરતી આ કંપનીમાં કામદારોની પસંદગી અને ૫ રીક્ષાઓ પાસ કરીને લેવામાં આવે છે અને પરીક્ષણ બાદ લેવામાં આવે છે અને અતિ વિશ્વાસુ કામદારોને જ કંપનીમાં કામ રાખવામાં આવે છે. પરંતુ કંપનીના વિશ્વાસઘાત કરી અગાઉ પણ અનેક વખત કેટલાક કામદારો ચોરી કંપનીમાંથી ચાંદીની ચોરી કરતા ઝડપાઈ ચુકયા છે. ત્યારે ફરી એક વખત આ કંપનીનો વિશ્વાસઘાત કરી આ કામદારો એ ૧૦.૫૦ કિલોથી વધારેની ચાંદી ચોરી કરી હતી. આથી પોલીસે આ સમગ્ર પ્રકરણ સંદર્ભે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે અને આ અગાઉ પણ આ ઈસમો ચોરી કરી ચુક્યા છે તે સંદર્ભે તપાસ હાથ ધરી છે. અતિ કિંમતી વસ્તુઓનું ઉત્પાદન કરતી આ કંપનીમાં ચોરીના બનાવ ન બને તે માટે મોનીટરીંગ માટે કંપનીએ અનેક પ્રયાસો કરે છે, તેમ છતાંય ચોરીછૂપીથી કંપનીમાં ચાંદ કીમતી ચાંદીના જથ્થાને ચોરીની ફરિયાદો આ અગાઉ પણ ઉઠી ચુકી છે. ત્યારે ફરી એક વખત ૧૦.૫૦ કિલોથી વધારે ચાંદીની ચોરીની ફરિયાદ થતાં કંપની સંચાલકો પણ ચિંતામાં મુકાયા છે.

**પાટણના રાધનપુરની ઘટના**

# ભાજપના ધારાસભ્ય પર પૈસા પડાવવા વેપારીઓને હેરાન કરતા હોવાનો આરોપ લાગ્યો

। પાટણ, તા.૦૧ ।

રાધનપુર ભાજપના ધારાસભ્ય લવિંગજી ઠાકોર પર ગંભીર આરોપ લાગતા ઉત્તર ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ અંગે ઠક્કર મનોજકુમાર નામના વેપારીએ PM, પ્રદેશ અધ્યક્ષ ઝઈ પાટીલ સહીત ભાજપ નેતાઓને લેખિતમાં રજુઆતમાં રજુઆત કરતા ખળભળાટ મચી ગયો છે. ધારાસભ્ય લવિંગજી અને તેના સગીરતો વેપારી વર્ગને હેરાન કરતા હોવાનો આરોપ લાગ્યો છે. ધારાસભ્ય લવિંગજી ઠાકોર,તેમના દીકરા નરસિંહ ઠાકોર, તેમજ સુરેશ ઠાકોર અને રામાભાઈ આહીર પર વેપારીઓને હેરાન કરવાનો આરોપ લાગ્યો છે. પૈસા પડાવવાના હેતુથી વેપારી વર્ગને હેરાન કરવામાં આવતો હોવાનો આરોપ લાગ્યો છે. રાધનપુરના ઠક્કર મનોજ નામના વેપારીએ આ ગંભીર આરોપ લગાવ્યા છે. લવિંગજી ઠાકોર અને તેમના સાગરીતો દ્વારા પાર્ટીની બદનામી થતી હોય પાર્ટી પાસે તપાસની માંગ કરવામાં આવી છે. ભાજપનાં ધારાસભ્યના વિરુદ્ધમાં ખુદ ભાજપના જ વેપારી સામે આવતા અનેક સવાલો ઉઠી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સીઆર પાટીલ તેમજ રજની પટેલને પત્ર લખી ન્યાયની માંગ કરાઈ છે. ભાજપનાં ધારાસભ્યના વિરુદ્ધમાં ખુદ ભાજપના જ વેપારી સામે આવતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સીઆર પાટીલ તેમજ રજની પટેલને પત્ર લખી ન્યાયની માંગ કરાઈ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

દરેક બનતી ઘટનાઓ ઉપર નજર
રોજ સમાચાર પત્રની પિડીએફ ફાઈલ
દેશ અને દુનિયાના દરેક સમાચારો
રાજ્યના દરેક ખુણામાં પત્રકારો
વેબસાઈટ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ,
ટેલીગ્રામ દરેક ડિજીટલ પ્લેટફોર્મ ઉપર
www.cnngujarat.com
દેશ અને દુનિયાના સમાચાર હવે તમારી એક આંગળીના ઈશારા ઉપર...

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨